**સુવિચાર**

માણસને તક મળતી હોય છે, પરંતુ તે તક ઓળખવામાં ભૂલ કરતો હોય છે અથવા આળસમાં તે તક ઝડપતો નથી.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૧૦/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ આસો સુદ-૭ વર્ષ : ૧૫ અંક : ૨૫૩





### મહિલા આયોગ, ગૃહ સેક્રેટરી અને એસપીને પત્ર પાઠવ્યો

## અમરેલીનાં કથિત દુષ્કર્મ કેસની નિષ્પક્ષ તપાસ કરો : દિલીપ સંઘાણી

### દુષ્કર્મમાં સંડોવાયેલ સામે કડક કાર્યવાહી જરૂરી

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં ચકચારી બનેલ એક મહિલા સાથેનાં કથિત દુષ્કર્મ અંગે પૂર્વ કેબિનેટ મંત્રી અને ભાજપનાં દિગ્ગજ નેતા દિલીપ

અનુસંધાન પાના ૬ ઉપર







### રાજસ્થળી ગામે રેતી ચોરી અંગેની તપાસ કરવા જતાં

## અમરેલીનાં ખાણ-ખનિજ વિભાગનાં કર્મચારી ઉપર 3 ઈસમોએ હુમલો કરી મોબાઈલ તોડી નાખ્યો

### જિલ્લામાં ખનિજ ચોરી કરતાં તત્વો બેખૌફ બનીને ફરી રહ્યા છે






અમરેલી, તા. ૯

અમરેલી ખાણ-ખનિજ વિભાગનાં રોયલ્ટી ઈન્સ્પેકટરને બાતમી મળેલ કે અમરેલી તાલુકાનાં રાજસ્થળી ગામે શેત્રુંજી નદીના પટ્ટમાંથી રેતીની ચોરી થતી હોય. પોતાના સ્ટાફ સાથે રાજસ્થળી ગામે જતાં રાજસ્થળી ગામે રહેતા ત્રણ આરોપીએ ખાણ ખનિજ વિભાગનાં સીકયુરીટી ગાર્ડને માર મારી ફરજમાં રૂકાવટ કર્યાની અમરેલી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં અમરેલી ખાણ ખનિજ વિભાગમાં રોયલ્ટી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતાં ભાવેશભાઈ સાધુ સહિતનાં સ્ટાફને બાતમી મળેલ કે અમરેલી તાલુકાનાં રાજસ્થળી ગામે આવેલ શેત્રુંજી નદીમાં રેતીની ચોરી થતી હોય ખાણ ખનિજ વિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી જઈ

અનુસંધાન પાના ૬ ઉપર












## પાલિકાની રોશની વિભાગમાં જ અંધારૂ હોય શહેરમાં કયાંથી ઝગમગાટ થાય

# અમરેલીમાં નવરાત્રિનાં તહેવારોમાં પણ અનેક સ્ટ્રીટલાઈટ બંધ

**શહેરનાં અંતરિયાળ વિસ્તાર તો ઠીક રાજમાર્ગો ઉપરની અનેક સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળે છે**

**પાલિકાનાં શાસકો સમક્ષ અનેક વખત રજૂઆત છતાં પણ કોઈ પરિણામ જોવા મળતું નથી**

**નાયબ દંડકે પણ દરમિયાનગીરી કરી છતાં પણ પાલિકાનાં શાસકો આળશ ખંખેરતા નથી**

**શહેરીજનોમાં અખૂટ ધીરજ શકિત હોવાનો લાભ પાલિકાનાં શાસકોને મળી રહ્યો છે**

અમરેલી, તા. ૯

અમરેલી એ જિલ્લાનું મુખ્ય શહેર હોવા છતાં પણ પાલિકાનાં શાસકો શહેરની સુંદરતા વધારવા માટે જહેમત ઉઠાવતા નથી. શહેરમાં રખડતા પશુઓ, આડેધડ ટ્રાફિક જેવી સમસ્યાઓ વચ્ચે છેલ્લા ૬ મહિનાથી બંધ સ્ટ્રીટલાઈટનાં કારણે શહેરીજનો ત્રાહીમામ પોકારી ચુકયા છે.

શહેરમાં નવરાત્રિ મહોત્સવની આસ્થાભેર ઉજવણી થઈ રહી છે. શહેરીજનો મોડી રાત સુધી રાસ–ગરબાને લઈને શહેરમાં અવર જવર કરતા હોય છે. તેવા સમયે પણ પાલિકાનાં શાસકો શહેરની અંદાજિત એકાદ હજાર જેટલી બંધ સ્ટ્રીટલાઈટ શરૂ કરી શકતા નથી.

શહેરનાં જાગૃત નાગરિકોએ પણ રજૂઆત કરી, મીડિયામાં પણ અવારનવાર અહેવાલ પ્રસિધ્ધ થયા, નાયબ દંડકે પણ પાલિકા પ્રમુખને સુચના આપી છતાં પણ પાલિકાની રોશની શાખામાં પેધી ગયેલ કર્મચારીઓ કોઈને ગણકારતા નથી.

શહેરનાં સિનીયર સિટીઝન પાર્ક, રાજમહેલ કેમ્પસ, ઓમનગર રોડ, ચિતલ રોડ, એરપોર્ટની દીવાલ, બાયપાસ માર્ગ, વરસડા રોડ, ખેતી બેન્ક સહિતનાં જાહેર માર્ગો ઉપરાંત રહેણાંક વિસ્તારોમાં પણ અનેક સ્ટ્રીટલાઈટ બંધ હાલતમાં જોવા મળે છે. શહેરીજનોમાં અખૂટ સહનશકિત હોવાથી શહેરીજનોનાં પરસેવાનાં પૈસાથી તગડો પગાર અને ભથ્થા વસુલતા કર્મચારીઓને શહેરમાંથી અંધારપટ્ટ દૂર કરવાની કોઈ જરૂર લાગતી ન હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

---

### મોણપુર ગામનાં ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

## અમરેલીનાં મોણપુર ગામનાં આધેડ અને તેની પત્નીને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા

**પતિને બચાવવા પડેલ મહિલાને પણ થપ્પડ મારી**

અમરેલી, તા. ૯

અમરેલી તાલુકાના મોણપુર ગામે રહેતા અશોકભાઈ નાનજીભાઈ સોંધરવા નામનાં ૫૦ વર્ષિય આધેડ તા. ૪ના રોજ સાડા પાંચથી પોણા છ વાગ્યાના પોતાની પત્ની તથા પૌત્રીને લઈને મોણપુરથી રીકડીયા ગામે જતાં હતા ત્યારે તે જ ગામે રહેતા દડુભાઈ ડેરના દિકરો તથા મુળુભાઈ ડેરના દિકરાઓ પોતાના હવાલાવાળા મોટર સાયકલ લઈ ચિતલ ગામ પાસે આવેલ રેલ્વેના નાળે સામા મળેલ અને તેઓએ આધેડની ગાડીની નજીકમાંથી આરોપીએ પોતાની ગાડી હાંકતા આધેડે આરોપીને ઉભા રહેવાનું કહેલ. જેથી આરોપીએ આધેડ પાસે આવી તે જ ગામે રહેતા આરોપી રાવતભાઈ ડેરના દિકરાને ફોન કરી બોલાવેલ અને આરોપીએ આધેડને પકડી રાખી આડેધડ લાફા મારતા આધેડના પત્ની પોતાના પતિને બચાવવા માટે વચ્ચે પડતા આરોપીએ તેણીને પણ ગાલ ઉપર અને માથામાં માર મારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી અપમાનીત કરી જાહેરમાં ગાળો આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

## બાબરામાં રીપેરીંગનાં કારણે આજે વીજ પુરવઠો બંધ રહેશે

બાબરા, તા. ૯

બાબરા શહેર તેમજ સીમ વિસ્તારમાં સબ સ્ટેશન તેમજ લાઈનનું અગત્યનું સમારકામ કરવાનું હોય તેના હિસાબે ૧૧ કેવી ફીડરો તેમજ ૬૬ કેવી ફીડરોમાંથી વીજ પુરવઠો મળશે નહીં.

સવારે ૮ થી ૧૩ સુધી વીજ પૂરવઠો બંધ રહેશે.

જેમાં ૧૧ કેવી ગલકોટડી. નીલવડા. આટકોટ રોડ સીટી. વલારડી. દ્વારકેશ સીટી. વિનાયક અને જીઆઈડીસી અર્બનમાં વીજ પુરવઠો બંધ રહેશે તેવું બાબરા પીજીવીસીએલ ના ઈજનેર ઠેસીયાએ જણાવ્યું હતું.

---

### ૨ ઓકટોબરનાં રોજ અકસ્માત થયેલ

## હનુમાન ખીજડીયા ગામે વીજપોલ પરથી પડી જતાં વાયરમેનનું સારવાર દરમિયાન મોત

**૨ દિવસ પહેલા ૩૦ વર્ષિય યુવકનું મોત થયું**

અમરેલી, તા. ૯

જેતપુર તાલુકાના ચારણીયા ગામે રહેતા રવજીભાઈ મંગાભાઈ પરમારના કાકાના દિકરા બાલાભાઈ મોહનભાઈ પરમાર નામનાં ૩૦ વર્ષિય યુવકનું ગત તા. ૨ ના ૧૦ વાગ્યે હનુમાન ખીજડીયા ગામે ઈલેકટ્રીક લાઈટના થાંભલામાં ગામે લાઈટ રીપેરીંગ કરવા ગયેલ ત્યારે કોઈ કારણોસર થાંભલા પરથી પડી જતા ગંભીર ઈજા થતા સારવાર માટે દવાખાને ખસેડાયેલ. જયાં તેમનું સારવાર દરમિયાન તા. ૬ ના રાત્રે ૧૧:૩૦ વાગ્યે મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

## પ્રદેશ કોંગી પ્રમુખનું સ્વાગત કરતા ડી.કે. રૈયાણી



ધારી, તા. ૯


ધારી આંબરડી પાર્કલાયન્સ લોજ રિસોર્ટમાં ગુજરાત કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહ ગોહિલનું સ્વાગત કરતા અમરેલી જીલ્લા કોંગ્રેસના પુર્વ પ્રમુખ ડી.કે. રૈયાણી.

---

### અમરેલીનાં એડિશ્નલ ડીસ્ટ્રીકટ જજ શ્રીવાસ્તવ સાહેબ દ્વારા

## લાઠીનાં સુવાગઢ ગામેથી ઝડપાયેલા ગાંજાનાં ગુન્હાનાં આરોપીઓને નિર્દોષ છોડી મુકવા આદેશ

**બચાવપક્ષે એડવોકેટ અજય પંડયા, અશ્વિનસિંહ ગોહિલ અને સંજય મહેતા રોકાયેલ**



લાઠી, તા. ૯

લાઠી તાલુકાના સુવાગઢ ગામની સીમમાં તા. ૧૫/૧૧/૨૦૧૯ના રોજ દામનગરાના પી.એસ.આઈ.ને ખાનગી રાહે બાતમી મળી અને એસપીએ એમ.ઓ.જી. પી.આઈ.ને અધીકાર પત્ર આપતા સુવાગઢ ગામની સીમમાં રેડ કરતા આરોપીઓ લક્ષ્મણભાઈ રાણાભાઈ, ઓઢવજીભાઈ લક્ષ્મણભાઈ, જગદીશભાઈ લક્ષ્મણભાઈ નકળંગભાઈ લક્ષ્મણભાઈના કબજા ભોગવટાની વાડી ખેતરમાંથી કુલ ૫ વીઘા ૧૪ માં અનઅધિકૃત રીતે ગેરકાયદેસર ગાંજાનું વાવેતર કરેલ હોય જે સંબંધેની રેડ એસ.ઓ.જી, પી.આઈ, એમ.ઓ.જી., પીએસઆઈ તથા દામનગર પી.એમ.આઈ દ્વારા સંયુકત રીતે તા. ૧૫/૧૧/૧૯ તથા ૧૬/૧૧/૧૯ એમ બે દિવસ રેડ કરી ગાંજાના કુલ ૨૫,૩૭, છોડ જેનું કુલ વજન ૧૬૪૬ કિલો ૫૮૭ ગ્રામ, જેની કિ.રૂ. ૮૨,૩૨,૮૮૫ અને ઓરડીમાંથી મળેલ કુલ ૧૨૦ કિલો બિયારણ જેનું કિંમત ૭,૨૨,૮૮૦ એમ મળી કુલ ૮૯,૫૫,૭૬૫ની કિંમતનો મુદામાલ પોલીસ દ્વારા કબ્જે કરી આરોપીઓની સદરહુ ગુનામાં અટક કરી જેલ હવાલે કરેલ હોય આ કેસ એડી.સેશન્સ કોર્ટમાં ચાલી જતા એડી.સેશન્સ કોર્ટ એ પડેલ પુરાવા તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેતા તેના ચુકાદામાં જે મુખ્યત્વે નોંધ કરી આરોપીઓના વકિલોની દલીલો તથા તેમણે લીધેલ પુરાવાની હકિકત માનેલ છે. તેમાં આરોપી નં ૨ના વકીલ અજય પંડયા દ્વારા એવી દલીલ કરવામાં આવેલ કે કલમ ૪૨ નો ભંગ કરેલ હોય, અધિકાર પત્ર તથા રેડ અંગેનો ઠરાવ ખામીયુકત હોવાનો જણાવેલ હોય જે હકિકતને કોર્ટએ માનેલ હોય કે પ્રથમ મળેલ બાતમી અનુસંધાને ની કોઈ નોંધ પી.એસ.આઈ દામનગર દ્વારા કયાંક કરવામાં આવેલી હોય તેવુ જણાય આવતુ નથી, જેથી કલમ ૪૨(૧)નો ભંગ થયેલ છે તેમજ બાતમીની જાણ કરતા પત્રમાં ચાર આરોપીના નામ છે જયારે અધિકારપત્રમાં એસ.પી. એ એક વ્યકિતના નામનો અધિકાર પત્ર આપેલ અને કરેલ ઠરાવમાં રેડીંગ અધિકારીએ ચારેય આરોપીઓના નામ, સરનામા, અટક સાથેનો ઉલ્લેખ કરેલ છે. તેમજ કરેલ ઠરાવ મકાન જડતી તપાસનો છે જડતી તપાસ વાડી ખેતરની કરેલ છે જેથી કલમ ૪૨નો ભંગ થયેલની હકીકત કોર્ટ એ માનેલ હોય તેમજ બચાવ પક્ષ દ્વારા આરોપીઓને રેડ અગાઉ તા. ૧૪/૧૧/૧૯ના રોજ કસ્ટડીમાં લીધેલ હોય તેવું સમગ્ર પુરાવાથી જણાય આવે છે, જેથી બચાવપક્ષની આ દલીલ ગંભીરતા પુર્વક ધ્યાને લીધેલ હોય, તેમજ આ કામે ફરીયાદ પક્ષ દ્વારા નમુનાઓ કાયદાની જોગવાઈ મુજબ લીધેલ ના હોય તેવી તમામ દલીલો બચાવ પક્ષના એડવોકેટ એ.પી.પંડયા, અશ્વિનભાઈ ગોહીલ તેમજ સંજય એ મહેતાની દલીલોને ગ્રાહય રાખી નાર એડી.સેશન્સ જજ વાસ્તવ સહિત દ્વારા આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકતો હુકમ કરવામાં આવેલ છે.

---

## બાબરામાં ભાજપ પરિવારે હરિયાણાનાં વિજયનાં વધામણા કર્યા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૯

હરિયાણાં રાજયની સામાન્ય ચુંટણીમાં ભાજપ દ્વારા ૫૦ થી વધુ બેઠક સાથે ભવ્ય વિજય પ્રાપ્ત કરતા સમગ્ર રાજયમાં ભાજપ દ્વારા જલેબી બનાવી હરિયાણાં રાજયના વિજયના વધામણાં કરવામાં આવ્યા હતા.

બાબરામાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાની આગેવાની હેઠળ ભુપતભાઈ બસિયા, કિરીટભાઈ પરવાડિયા, જિલ્લા પંચાયતના સભ્ય હિંમતભાઈ દેત્રોજા, તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેસ આખજા, શંભુભાઈ પાંચાણી, યગ્નેશ શુકલ, અલ્તાફ ગોગદા, નગરપાલિકા ઉપ પ્રમુખ અંકુર જસાણી સહિત નગરપાલિકા સભ્યો અને ભાજપના કાર્યકર્તાઓ દ્વારા અહીં નાગરિક બેન્ક ચોકમાં આતશબાજી કરી હરિયાણાં રાજયના વિજયના વધામણાં કરવામાં આવ્યા હતાં.

---

### સીસીટીવીનાં આધારે પોલીસે તપાસ આદરી

## અમરેલીનાં એસબીઆઈનાં એટીએમમાંથી મહિલાનું ડેબીટ કાર્ડ તફડાવીને ૨૦ હજાર ઉપાડી લીધા

**૩ પરપ્રાંતિયો વિરૂધ્ધ ફરિયાદ નોંધવામાં આવી**

અમરેલી, તા. ૯

અમરેલી તાલુકાના વાંકીયા ગામે રહેતા અને જી.આર.ડી. વાંકીયામાં નોકરી કરતાં દિનુબેન ભાવેશભાઈ મહિડા નામની ૨૯ વર્ષિય પરિણીતા ગત તા. ૭ ના રોજ તેણીના પતિને મોટર સાયકલ ખરીદવાનું હોય તેથી તે માટે થઈ તેણી રૂપીયા ઉપાડવા માટે એસ.બી.આઈ. નાગનાથ બ્રાંચના એ.ટી.એમ.ની અંદર આશરે ૧૧ વાગ્યે ગયેલ હતાં. ત્યારે ત્યાં પહેલેથી એક વ્યકિત હાજરમાં હોય તે વ્યકિતએ તેણીને રૂપિયા ઉપાડવા માટે એ.ટી.એમ.ની અંદર પીન નંબર દાખલ કરેલ તે તેણે જોઈ લીધેલ હતું. બાદમાં તે વ્યકિતએ તેણીને રૂપિયા ઉપાડવાના બહાને મદદ કરવાનું કહી તેણીનું એ.ટી.એમ. કાર્ડ બદલાવી લઈ તેણીને બીજા કોઈનું એ.ટી.એમ. કાર્ડ આપી દઈ અને તેણીના પતિના એ.ટી.એમ.કાર્ડમાંથી બીજી કોઈ જગ્યાએ જઈ રૂપિયા ૨૦,૦૦૦ ઉપાડી લીધાની દિનુબેન ભાવેશભાઈ મહિડાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સી.સી.ટી.વી.ની મદદ વડે તપાસ હાથ ધરી ત્રણ પરપ્રાંતિયો સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરેલ છે.

---

### ઉઘાડાપગા તળીયા બાદ વધુ એક કિસ્સો

## લ્યો બોલો : રાજુલામાં વીજફોલ્ટની કામગીરી કરવા માટે ઉઘાડપગા હેલ્પરો મેદાનમાં

**જાગૃત નાગરિકે પીજીવીસીએલમાં રજુઆત કરી**

રાજુલા, તા. ૯

રાજુલાનાં જાગૃત નાગરિક કનુભાઈ દુધરેજીયાએ પી.જી.વી. સી.એલ.ના નાયબ ઈજનેરને પત્ર પાઠવેલ છે

પત્રમાં જણાવેલ છે કે, રાજુલા શહેર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્ચારોમાં શરૂ લાઈને પોલ પર પડવું કોઈ અનુભવ ન હોય સરકારી નોકરી ના હોય તો પણ ટ્રાન્સફોરમમાં અટકચાળા કરવા કે ચેડા કરવા લાઈનમાં છેડા આપવા કે છોડવા માટે ઉચી ફી લઈ કામ કરતા હોય છે. તો આવા ઈસમોને કાયદાનું ભાન કરાવવા પત્રીકાઓ છપાવી કે અન્યત્ર જાણકારી આપો અને આવી કામગીરી બંધ કરાવો કારણ લાઈન શરૂ છે. આટલા રૂપિયા આપવા પડશે. આમ શોષણ કરે છે. ઓસ્સિમાં હવે ફરિયાદ બુકમાં ગ્રાહક નંબર લખવો ફરજીયાત થયેલ છે. સમસ્યા છે. હજી નામનો માહોલ છે. ગ્રાહક નંબરની જાણકારી થતા વાર લાગશે. કયારેક ફોન બંધ હોય રજા હોય. બાકી જે નોકરીયાતો રીપેરીંગ કરે છે તે તુરી ઈમાનદારી થી કામ કરે છે. ગાડી આવે છે. પણ તકવાદીઓ ગમે તેમ કરી તક લઈ લેતા હોય છે. કયારેક તો એવું સાંભળવા મળે છે કે આવ ઉઘાડાપગા હેલ્પરો સિલના બસો કે ત્રણસો લઈ રીપેરીંગ કરી બિજા દિવસે ઓછા રૂપિયા પણ ઓછા રૂપિયા ભરી કોઈ ઓફિસના નોકરિયાત સાથે સાંઠ ગાંઠ કાં પોતાનું સાહસ જે હોય તે આવા તત્વોને દંડ કે સજા કરાવો તેમા સૌની સલામતી છે. તેમ અંતમાં જણાવેલ છે.

---

### મામલતદાર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યુ

## લીલીયામોટા : વડોદરાની દુષ્કર્મની ઘટનાને લઈને વી.એચ.પી., બજરંગદળે નારાજગી વ્યકત કરી

**દુષ્કર્મનાં આરોપીઓને કડક સજા કરવાની માંગ**



લીલીયા મોટા, તા. ૯

લીલીયા મોટા વિ હિન્દુ પરિષદ અને બજરંગ દળ તેમજ વેપારીઓ દ્વારા લીલીયા મામલતદારને આવેદનપત્ર પત્ર લીલીયા મામલતદાર મારફત મુખ્યમંત્રી તેમજ ગૃહમંત્રી પાઠવીને માંગ કરાય હિન્દુના તહેવાર નવરાત્રીમાં વડોદરામાં નાબાલીક હિન્દુ યુવતી પર વિધર્મી દ્વારા ગેંગરેપ કરવામાં આવેલ છે તે ગેંગરેપની ઘટનાને લીલીયા બજરંગ દળ તેમજ વિ હિન્દુ પરિષદ સખત શબ્દોમાં વખોડે છે આવી ઘટના છાશ વારે બનતી રહે છે આરોપીઓને કાયદાનુભાન ન હોય એ રીતે વર્તે છે તો લીલીયા વિ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા માંગ કરવામાં આવી છે કે આવા ગુનેગારોને ફાંસીની સજા આપવામાં આવે વડોદરા ગેંગરેપના આરોપી પર ઝડપથી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવામાં આવે અને તેને ફાંસીની સજા આપવામાં આવે અને સરકાર કડકમાં કડક કાર્યવાહી કરે એવી માંગ કરવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદી જણાવેલ છે.

---

## બગસરા મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિનો ચેક અર્પણ કરાયો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૯

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી દ્વારા મંડળીના સભાસદ ચંદૂભાઈ સરવૈયાનુ આકસ્મીક અવસાન થતા તેમના વારસદારને બાજપાઈ સહાય નિધીનો રૂ ૨૫૦૦૦ નો ચેક મંડળીના જનરલ એમ. ડી. નિતેષ ડોડીઆ. જનરલ સેક્રેટરી ડી.જી મહેતા ડીરેકટર પ્રકાશભાઈ ભરખડા શાખા સેક્રેટરી હેમેન્દ્ર કટેસીયાના વરદહસ્તે ચેક અર્પણ કરવામા આવેલ તેમ આસીસ્ટન્ટ સેક્રેટરી પ્રવિણસિંહ રાઠોડની યાદી જણાવે છે.

---

## અમરેલીની શિવ રેસીડેન્સીમાં આસ્થા અને ઉત્સાહભેર નવરાત્રિની ઉજવણી



લીલીયા, તા. ૯

લીલીયા રોડ શિવ રેસીડેન્સીમાં નવરાત્રી દરમ્યાનમાં જગદંબાની આરાધના અને સંસ્કૃતિની પરંપરા ઉજાગર કરવા માટે વિશ્વ હિન્દુ પરીષદના અમરેલી જીલ્લા વિશ્વ હિન્દુ પરીષદના પ્રમુખ ઈતેષભાઈ મહેતા, નાગદેવતા મંદિરના મહંત હાર્દિકગીરી બાપુ, દ્વારા માતાજીની આરાધના વિષે દિકરીઓ, બહેનો અને ભાઈઓ ઊજાગર કરતી વાત કરેલ સાથે વિશ્વ હિન્દુ પરિષદના ધર્મેશભાઈ ગોંડલીયા, પ્રતાપસિંહ રાઠોડ, દિલીપસિંહ પરમાર, ડો. પંકજભાઈ ત્રિવેદી, સંજયભાઈ પંડયા હાજર રહેલ આ દરમ્યાન તમામ યુવાનોએ નવરાત્રિ દરમ્યાન જહેમત ઉઠાવેલ એવી શીવ રેસીડેન્સીના પ્રમુખ કમલેશભાઈ બકરાણીયાની યાદી જણાવે છે.

## ઈકોઝોન, કાયદો–વ્યવસ્થાની કથળતી હાલત અંગે ચિંતા વ્યકત કરાઈ

# ધારી ખાતે કોંગ્રેસનાં નેતાઓનો ખેડૂત સંવાદ અને પત્રકાર પરિષદ યોજાઈ

**રાજયનાં પ્રભારી મુકુલ વાસનિક, પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલ, વિપક્ષી નેતા અમિત ચાવડા પણ ઉપસ્થિત રહ્યા**

**માનીતા ઉદ્યોગપતિઓનાં ઉદ્યોગો ધમધમે તેવા વિસ્તારમાં ઈકોઝોનનો કાયદો લવાતો નથી : પ્રતાપ દુધાત**

**પત્રકાર પરિષદમાં પ્રદેશ પ્રમુખે હીરા ઉદ્યોગની કથળતી હાલત સામે નારાજગી વ્યકત કરી**

**ડબલ એન્જિનની સરકારમાં બળાત્કારીઓ બેફામ બન્યા છે : અમિત ચાવડા**



અમરેલી, તા. ૯

ધારી ખાતે આજે પ્રદેશ કોંગ્રેસનાં પ્રભારી મુકુલ વાસનિક, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહ ગોહિલ, વિપક્ષી નેતા અમિત ચાવડા, પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી, જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત, ટીકુભાઈ વરૂ, એડવોકેટ સૈયદ, ડી.કે. રૈયાણી સહિતનાં આગેવાનોની ઉપસ્થિતિમાં ખેડૂત સંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

ખેડૂત સંવાદ કાર્યક્રમમાં સંબોધન કરતાં પ્રદેશ પ્રમુખે ઈકો સેન્સિટિવ ઝોનથી ગીરકાંઠાનાં ગામોનું પતન થશે તેવી આશંકા વ્યકત કરીને કોઈપણ સંજોગોમાં કાળો કાયદો રદ કરવા માટે કોંગ્રેસ પક્ષ આંદોલન કરશે તેમ જણાવ્યું હતું.

જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતે જણાવ્યું કે, માનીતા ઉદ્યોગપતિઓનાં ઉદ્યોગો ધમધમે તે વિસ્તારમાં ઈકોઝોનનો કાયદો લગાવાતો નથી. નિર્દોષ ખેડૂતો અને ગામજનોને પરેશાન કરવાનો ભાજપ સરકારનો પ્રયાસ હોવાનું જણાવેલ.

બાદમાં યોજાયેલ પત્રકાર પરિષદમાં પ્રદેશ પ્રમુખે હીરા ઉદ્યોગની અત્યંત દયનીય હાલત અંગે ચિંતા વ્યકત કરતાં જણાવેલ કે સૌથી વધારે વિદેશી હુંડિયામણ રળી આપતા ઉદ્યોગની વર્તમાન સરકારે કમર તોડી પાડતા હજારો રત્ન કલાકારો આર્થિક બરબાદીમાં ધકેલાયા છે.


રત્ન કલાકાર બોર્ડની રચના કરીને ૧૨૦૦ કરોડની જાહેરાત કરાઈ પરંતુ એક રૂપિયા આપવામાં ન આવ્યો.

વિપક્ષી નેતા અમિત ચાવડાએ ડબલ એન્જિનની સરકારમાં બળાત્કારીઓ બેફામ બન્યા હોવાનો આક્ષેપ કરીને રાજયમાં છેલ્લા થોડા દિવસોમાં બનેલ દુષ્કર્મની ઘટના અંગે ભાજપ સરકારને આડે હાથ લીધી હતી.

**માતાજી ઉપાસક રાજુભાઇ જેઠવા દ્વારા**

## બાબરા : શ્રી વડલીવાળી મેલડી મા ને નવરાત્રિ મહોત્સવમાં મહાકાળીનો શણગાર

**ભાવિકોએ દર્શન કરી ધન્યતા અનુભવી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૯

બાબરામાં શ્રી વડલી વાળી મેલડીમાં મંદિરે ભવ્ય નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું છે મેલડીમાં મંદિરના પરમઉપાસકરાજુભાઈ જેઠવા દ્વારા નવરાત્રી દરમિયાન દરરોજ માતાજીને અલગ અલગ દિવ્ય અને અનુપનશણગાર કરવામાંઆવેછેજેના દર્શનનો લાભ મેળવી ભાવિકો ધન્યતા અનુભવે છે. અહીં સાતમા નોરતે મહાકાળીનોઅનુપમશણગાર કરવામાં આવ્યો હતો જેના દર્શનનો લાભ ભાવિકોએ મેળવ્યોહતો.

**લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોને બદલે લોકોનાં સેવકો સર્વોપરી**

## તોબા... તોબા... : જાફરાબાદમાં આધારકાર્ડની કામગીરીને લઈને અરજદારોમાં નારાજગીનો માહોલ

**આધારકાર્ડની કામગીરી કરતાં એક ઓપરેટરનાં કારણે વધારે મુશ્કેલીઓ**

જાફરાબાદ, તા. ૯

જાફરાબાદ ખાતે ચાલતી કામગીરીમાં અમુક આધારકાર્ડની કામગીરીઠપ્પથઈ જતાંઅનેકનાગરિકો દુવિધાનોભોગબનીરહ્યાછે.એકતરફ વહિવટી તંત્ર દ્વારા સેવા સેતુ કાર્યક્રમો યોજીનેએકજ સ્થળેથી તમામ સરકારી યોજનાઅનેસુવિધાઓનાગરિકોનેમળ તેવા બણગાં ફુંકવામાં આવે છે. જયારે બીજી તરફ આધારકાર્ડ અપડેટ કરવા માટે શહેરના અને ગ્રામ્ય વિસ્તારોમાં આવતાઅરજદારોધરમનાધક્કાખાઈ રહ્યાછે.કારણકેઆધારકાર્ડનીકામગીરી કરતાવ્યકિતની લોકોસાથેઉદ્ધતાઈભર્યુ વર્તન તેમજ આધારકાર્ડની ચાલું કામગીરીમાંઈ ધારાસ્ટાફસાથેબેસીને વાતોના વડા કરી રહ્યા છે. દુર દુરથી આવતા લોકોને આધારકાર્ડ અપડેટ કરવા માટે તેમજ મોબાઈલ નંબર લીંક કરવા માટે ફોર્મ પણ આપવામાંઆવતા નથી. વહેલી સવારના લોકો પોતાની રોજગારી મુકીને બેઠા હોય પરંતુ ૧૦ વાગ્યે ફોર્મ આપવામાં આવે છે. તેમાં પોતાના મનફાવે તેમ ફોર્મમાં નંબર નાખવામાં આવે છે. પોતાની મનમાની કરતા આ ઓપરેટરને કોઈ વ્યકિત દ્વારા કહેવામાં આવે તો ઈન્ચાર્જ મામલતદાર પાસે જવાનું કહેવામાં આવે છે. જાફરાબાદમાં ઈન્ચાર્જ મામલતદાર હોવાથી લોકોની હાલાકીમાં વધારો હંગામી ધોરણે મામલતદારની નિમણુંક કરવામાં આવે તેવી માંગ જનતા જનાર્દનમાંથી ઉઠી રહી છે. નાગરિકો છેલ્લા ચાર પાંચ દિવસ કરતાં વધારે સમયથી ધક્કાઓખાઈ રહ્યાહોવાછતાં પણ આ ઓપરેટર દ્વારા ફોર્મ આપવામાં આવતા નથી અને પોતાની મનમાની ચલાવીરહ્યાછે.આધારકાર્ડનીકામગીરી કોઈનેકોઈ કારણોસર ટલ્લેચડીછે.જેના પરિણામ સ્વરૂપે માત્ર નાગરિકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. તેવું નથી પરંતુ નાગરિકોના સમય અને નાણાનો પણ વ્યય થઈ રહ્યો છે. હાલમાં નાગરિકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.

મળતી માહિતી અનુસાર આધારકાર્ડમાં સુધારા વધારા તેમજ સરનામું બદલવું તેમજ નવું આધારકાર્ડ વગેરે કામગીરી બિલકુલ ઠપ્પ થઈ ગઈ છે અને ફકત ને ફકત આધારકાર્ડ અપડેટ તેમજ મોબાઈલ નંબર લીંક કરવાની કામગીરી ચાલુ હોય તેવું જાણવા મળી રહ્યું છે. આધારકાર્ડ કીટ ચલાવતા કોન્ટ્રાકટરો અને તંત્રની અણઆવડતના કારણે જાફરાબાદ શહેર અને ગ્રામ્ય લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. જવાબદાર તંત્રની ઘોર બેદરકારીને કારણે આધારકાર્ડ કામકાજ માટે આવતા લોકો વિલામોઢે પરત ફરી રહ્યા છે પરંતુ જવાબદાર તંત્રનાં પેટનું પાણી પણ હલતું નથી. નવ વાગ્યે બોલાવી દસ અગિયાર વાગ્યે ફોર્મ આપવામાં આવે છે પરંતુ દુરદુરથી આવતા લોકોને ફોર્મ આપવામાં આવતા નથી. આવો એક તરફી ફતવો જાફરાબાદ મામલતદારનો છે. લોકો સમય અને નાણાનો તેમજ પોતાની મજુરી મુકી તેમજ બાળકોને સ્કૂલોમાંથી અભ્યાસ મુકીને અહીં આવતા હોવા છતાં પણ ફોર્મ મળતા નથી પરંતુ જવાબદાર અધિકારી ખુરશી મુકી ડોકાવા પણ આવતા નથી.





**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

**મકાન વેચવાનું છે**

૪– બેડરૂમ, હોલ, કીચન, ફિકસફર્નીચર, કાર પાર્કિંગ, ફળીયું, કલર–પી.ઓ.પી. કરેલ, એક વસા જગ્યામાં, સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઈટલનું મકાન વેચવાનું છે.

ચિતલ રોડ, તપોવન પાર્ક

સંપર્ક : ૮૨૦૦૬ ૩૮૬૨૪

**હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...**

બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અધધધ.... ખજાનો......

રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રૂપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....

નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે

ફકત વેપારીઓ જ સંપર્ક કરે...

હોલસેલ..... હોલસેલ......

સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮

**''અમરેલી એકસપ્રેસ''**

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭












### કોંગ્રેસે ખેડૂતો અને યુવાનોને 'ઉશ્કેરવામાં' કોઈ કસર બાકી નથી : વડાપ્રધાન

# હિન્દુ સમાજમાં આગ લગાવેલી રાખવા માંગે છે કોંગ્રેસ : મોદી

## વડાપ્રધાન મોદીએ મહારાષ્ટ્રમાં રૂ. ૭,૬૦૦ કરોડથી વધુના ખર્ચવાળી વિવિધ વિકાસ યોજનાઓનો વીડિયો કોન્ફરન્સ દ્વારા શિલાન્યાસ કર્યો હતો

નવી દિલ્હી,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બુધવારે કોંગ્રેસ પર મોટો આરોપ લગાવ્યો છે. વડાપ્રધાન મોદીએ કહ્યું છે કે, જ્યારે મુસ્લિમોની જાતિની વાત આવે છે ત્યારે કોંગ્રેસનું મોં બંધ થઈ જાય છે, પરંતુ જ્યારે હિન્દુ સમાજની વાત આવે છે ત્યારે તે ચર્ચા જાતિથી જ શરૂ કરે છે કારણ કે તે જાણે છે કે હિન્દુઓ જેટલા વિભાજિત થશે, તેટલો જ તેમને ફાયદો થશે. વડાપ્રધાન મોદીએ આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસ કોઈપણ રીતે હિન્દુ સમાજમાં આગ લગાવેલી રાખવા માંગે છે અને દેશમાં જ્યાં પણ ચૂંટણી થાય છે ત્યાં તે આ જ ફોર્મ્યુલા લાગુ કરે છે. મહારાષ્ટ્રમાં રૂ. ૭,૬૦૦ કરોડથી વધુના ખર્ચવાળી વિવિધ વિકાસ યોજનાઓનું વીડિયો કોન્ફરન્સ દ્વારા શિલાન્યાસ કર્યા બાદ તેમના સંબોધનમાં મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, રાજ્યના લોકો 'સમાજને તોડવા'ના આ પ્રયાસને નિષ્ફળ બનાવશે. આ સરકારી કાર્યક્રમમાં, વડાપ્રધાન મોદીએ મહારાષ્ટ્રના લોકોને દેશના વિકાસને સર્વોપરી રાખવા અને ભારતીય જનતા પાર્ટી (BJP) તેમજ તેના ગઠબંધન 'મહાયુતિ'ની તરફેણમાં એકજૂથ થઈને મત આપવા અપીલ કરી હતી. હરિયાણાના ચૂંટણી પરિણામોનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, તેને બતાવી દીધું છે કે આજે દેશનો મૂડ કેવો છે. કોંગ્રેસનું સમગ્ર ઈકોસિસ્ટમ, શહેરી નક્સલીઓની આખી ટોળકી જનતાને ગેરમાર્ગે દોરવામાં વ્યસ્ત હતી પરંતુ તેમના આ તમામ કાવતરાઓ નિષ્ફળ થઈ ગયા. તેમણે દલિતોમાં જૂઠાણું ફેલાવવાનો પ્રયાસ કર્યો પરંતુ દલિત સમાજે તેના ખતરનાક ઈરાદાઓને સમજી લીધા. દલિતો સમજી ગયા કે કોંગ્રેસ તેમની અનામત છીનવીને તેમની વોટબેંકને વહેંચવા માંગે છે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે, હરિયાણાના દલિત વર્ગે ભાજપને રેકોર્ડ સમર્થન આપ્યું અને અન્ય પછાત વર્ગ (OBC)એ પણ વિશ્વાસ વ્યક્ત કર્યો. ખેડૂતો અને યુવાનોને 'ઉશ્કેરવામાં' કોઈ કસર છોડવામાં આવી નથી પરંતુ હરિયાણાના લોકોએ બતાવ્યું છે કે તેઓ હવે કોંગ્રેસ અને શહેરી નક્સલીઓના નફરતના ષડયંત્રનો ભોગ બનવાના નથી. કોંગ્રેસ સંપૂર્ણપણે સાંપ્રદાયિક અને જાતિવાદના આધારે ચૂંટણી લડે છે. કોંગ્રેસની રાજનીતિનો આધાર હિન્દુ સમાજને તોડીને પોતાની જીતની ફોર્મ્યુલા બનાવવાનો છે. કોંગ્રેસ ભારતની 'સર્વજન હિતાય-સર્વજન સુખાય'ની પરંપરાને દબાવી રહી છે, તે સનાતન પરંપરાને દબાવી રહી છે.વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, ''કોંગ્રેસની નીતિ હિન્દુઓની એક જાતિને બીજી જાતિ સામે લડાવવાની છે. કોંગ્રેસ જાણે છે કે જેટલા હિન્દુઓ વિભાજીત થશે તેટલો તેમને ફાયદો થશે. કોંગ્રેસ કોઈપણ રીતે હિન્દુ સમાજમાં આગ લગાવેલી રાખવા માંગે છે, જેથી તે તેના પર રાજકીય રોટલા શેકવાનું ચાલુ રાખી શકે. ભારતમાં જ્યાં પણ ચૂંટણીઓ યોજાય છે, ત્યાં કોંગ્રેસ આ એક જ ફોર્મ્યુલા લાગુ કરે છે.'' વડા પ્રધાને આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ, જે હંમેશા 'ભાગલા પાડો અને સત્તા મેળવો'ના સૂત્રને અનુસરે છે, તેણે વારંવાર સાબિત કર્યું છે કે, તે 'ગેર જવાબદાર' પાર્ટી બની ગઈ છે. તેમણે કહ્યું કે, ''તે હજુ પણ દેશના ભાગલા પાડવા માટે નવી સ્ટોરીઓ બનાવી રહી છે. આજ સુધી કોંગ્રેસના એક પણ નેતાએ કહ્યું નથી કે, આપણા મુસ્લિમ ભાઈ-બહેનોમાં કેટલી જાતિઓ છે. જ્યારે મુસ્લિમ જાતિની વાત આવે છે ત્યારે કોંગ્રેસના નેતાઓ મોઢું બંધ કરીને બેસી જાય છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ''પરંતુ જ્યારે હિન્દુ સમાજની વાત આવે છે, કોંગ્રેસ તેની ચર્ચા માત્ર જાતિથી શરૂ કરે છે. કોંગ્રેસની નીતિ હિન્દુઓની એક જાતિને બીજી જાતિ સામે લડાવવાની છે. કોંગ્રેસ જાણે છે કે જેટલા હિન્દુઓ વિભાજીત થશે તેટલો ફાયદો થશે. ભારતમાં જ્યાં પણ ચૂંટણી થાય છે, ત્યાં કોંગ્રેસ આ જ ફોર્મ્યુલા લાગુ કરે છે. કોંગ્રેસ સત્તા પર પાછી ફરવા માટે એટલી તલપાપડ છે કે તે દરરોજ નફરતની રાજનીતિ કરી રહી છે અને કોંગ્રેસની જૂની પેઢીના નેતાઓ પણ લાચાર છે અને અસહાય છે. કોંગ્રેસ નફરત ફેલાવવાની સૌથી મોટી ફેક્ટરી બનવા જઈ રહી છે, ગાંધીજી (મહાત્મા ગાંધી) આ વાત આઝાદી પછી જ સમજી ગયા હતા. તેથી જ ગાંધીજીએ કહ્યું હતું કે, કોંગ્રેસને નાબૂદ કરી દેવી જોઈએ. કોંગ્રેસ પોતે ખતમ નથી થઈ પરંતુ આજે તે દેશને બરબાદ કરવા તત્પર છે. તેથી, આપણે સાવચેત રહેવું પડશે અને મને વિશ્વાસ છે કે મહારાષ્ટ્રના લોકો આજે સમાજને તોડવાના પ્રયાસોને નિષ્ફળ બનાવશે. મહારાષ્ટ્રના લોકોએ સંગઠિત થઈને ભાજપ અને મહાયુતિને મત આપવાનો છે, દેશના વિકાસને સર્વોપરી રાખીને ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી આગામી મહિને થવાની છે.

### કેબિનેટનો મહત્વનો નિર્ણય

# ડિસેમ્બર ૨૦૨૮ સુધી ગરીબોને હજુપણ મળતું રહેશે મફત અનાજ

## લોથલમાં નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સનાં વિકાસને મંજૂરી : સરહદી વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર ભાર

નવી દિલ્હી, તા.૯

કેન્દ્ર સરકારે બુધવારે (૯ ઓક્ટોબર ૨૦૨૪) ઘણી યોજનાઓને લીલી ઝંડી આપી દીધી છે. કેબિનેટે જુલાઈ ૨૦૨૪ થી ડિસેમ્બર ૨૦૨૮ સુધી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (PMGKAY) અને અન્ય કલ્યાણ યોજનાઓ હેઠળ મફત ફોર્ટિફાઈડ ચોખાનો પુરવઠો ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી હતી કે તેનો સમગ્ર ખર્ચ ૧૭,૦૮૨ કરોડ રૂપિયા હશે, જે કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચવામાં આવશે. કેન્દ્રીય મંત્રી અશ્વની વૈષ્ણવે કહ્યું કે સરકારની આ પહેલનો ઉદ્દેશ્ય વિકાસને પ્રોત્સાહન આપવા અને પોષણ સુરક્ષા વધારવાનો છે.

એપ્રિલ ૨૦૨૨માં, આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA) એ માર્ચ ૨૦૨૪ સુધીમાં તબક્કાવાર રીતે સમગ્ર દેશમાં ચોખાની ફોર્ટિફિકેશન પહેલને લાગુ કરવાનો નિર્ણય લીધો હતો. અત્યાર સુધીમાં તેને ત્રણ તબક્કામાં સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે. તેમણે કહ્યું કે ગરીબોને મફત ફોર્ટિફાઈડ ચોખાના સપ્લાયથી એનિમિયા અને સૂક્ષ્મ પોષકતત્વોની ઉણપ ઓછી થશે.

કેબિનેટે રાજસ્થાન અને પંજાબના સરહદી વિસ્તારોમાં રસ્તાઓને પણ મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીના જણાવ્યા અનુસાર, આ વિસ્તારોમાં ૨,૨૮૦ કિલોમીટરના રસ્તાઓ બનાવવામાં આવશે, જેના માટે ૪,૪૦૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ સિવાય કેન્દ્રીય કેબિનેટે ગુજરાતના લોથલ ખાતે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC)ના વિકાસને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ બે તબક્કામાં પૂર્ણ થશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તેનો ઉદ્દેશ સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસો પ્રદર્શિત કરવાનો અને વિશ્વના સૌથી મોટા મેરીટાઈમ હેરિટેજ સંકુલનું નિર્માણ કરવાનો છે.

૨૦૧૯ અને ૨૦૨૧ ની વચ્ચે હાથ ધરાયેલા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS-5) અનુસાર, એનિમિયા ભારતમાં એક મોટી સમસ્યા છે, જે બાળકો, સ્ત્રીઓ અને પુરુષોને અસર કરે છે. કેન્દ્ર સરકાર આ યોજના એવા સમયે લાવી છે જ્યારે હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપને મોટી જીત મળી છે.

મહારાષ્ટ્રમાં પણ આ વર્ષે નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી થવાની સંભાવના છે. બુધવારે જ પીએમ મોદીએ મહારાષ્ટ્રમાં ડિજિટલ માધ્યમથી રૂ. ૭,૬૦૦ કરોડથી વધુની કિંમતની અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કર્યો હતો. તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૧૦ મેડિકલ કોલેજોનું ઉદ્ઘાટન પણ કર્યું હતું.

### જાણો ચૂંટણી પરિણામ બાદ દુકાનદારનું નિવેદન

# હરિયાણામાં જલેબીની પ્રશંસા રાહુલ ગાંધીને ભારે પડી!

## હરિયાણાના રાજકારણમાં આ વખતે ગોહાનાની જલેબી ચર્ચિત રહી : જલેબીની પ્રશંસા કરવી રાહુલને ભારે પડી

ચંદીગઢ, તા.૯

હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ હરિયાણામાં જલેબીની ચર્ચાએ જોર પકડ્યું છે. રાજકીય નિષ્ણાતોથી લઈને હરિયાણાના સ્થાનિક લોકો સુધી બધાએ આ જલેબીને લઈને ટ્વિટ કર્યું અને કોંગ્રેસ પાર્ટીની મજા પણ લીધી. લોકોએ જલેબીને લઈને ઘણા મીમ્સ બનાવ્યા છે. ચાલો જાણીએ ગુહાનામાં જલેબી બનાવતા દુકાનદારે શું કહ્યું, જેની રાહુલ ગાંધીએ કરી હતી પ્રશંસા?

હરિયાણામાં વિધાનસભા ચૂંટણી દરમિયાન જ્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સોનીપતના ગોહાનામાં એક જનસભાને સંબોધવા ગયા ત્યારે કોંગ્રેસના સાંસદ દીપેન્દ્ર સિંહ હુડ્ડાએ તેમને ગોહાનાની જલેબી ખવડાવી હતી. ગોહાનાની જલેબીના રાહુલ ગાંધીએ ખૂબ વખાણ કર્યા હતા. રાહુલ ગાંધીએ તેમની બહેન પ્રિયંકા ગાંધી માટે જલેબી લીધી હતી. હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યા બાદ જલેબી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ટ્રેન્ડ થવા લાગી હતી.જલેબી બનાવનાર દુકાનદારે કહ્યું કે રાહુલ ગાંધીએ જલેબીના વખાણ કર્યા હતા. તે દેશી ઘીમાં બનાવવામાં આવી છે. એક અઠવાડિયા સુધી બગડતું નથી. તે એક અઠવાડિયા કરતાં વધુ સમય સુધી ચાલે છે. જ્યારે રાહુલ ગાંધીએ તેના વખાણ કર્યા છે, તો વસ્તુમાં દમ હશે. સામાન્ય લોકો પણ અમારી જલેબીના વખાણ કરે છે.તેણે કહ્યું કે આ જલેબી કોઈ ફેક્ટરીની આઈટમ નથી, તે દુકાનમાં બનાવેલી આઈટમ છે. દસ લોકોનો સ્ટાફ અહીં જલેબી બનાવે છે. અને તમારા લોકોની સેવા કરીએ છીએ, અમારી પાસે ત્રણ દુકાનો છે. આ દુકાન મારા જન્મ પહેલાની છે. હું અહીં ૨૨-૨૩ વર્ષથી કામ કરું છું. આખી વસ્તુ દેશી ઘીમાં તૈયાર કરવામાં આવે છે, અહીંની જલેબીની ભારતમાં અને બહાર પણ માંગ છે.વાસ્તવમાં ચૂંટણીના પરિણામો પછી હરિયાણામાં જલેબીની ચર્ચા ચારેબાજુ થઈ છે. તેના પાછળનું કારણ સોનીપતમાં રાહુલ ગાંધીએ આપેલું નિવેદન છે, જેમાં જલેબી ખાધા પછી રાહુલ ગાંધીએ ફેક્ટરી લગાવવાની અને કામદારોને પ્રોત્સાહન આપવાની વાત કરી હતી. ફેક્ટરીમાં જલેબી બનાવવાના નિવેદન પર ભાજપના સમર્થકોએ ટોણો માર્યો હતો અને અનેક મીમ્સ બનાવવામાં આવ્યા હતા. સ્થાનિક લોકો પણ આ અંગે રાહુલ ગાંધીને આડે હાથ લેતા જોવા મળ્યા હતા. ચૂંટણી પરિણામો પછી લોકો કહે છે કે હરિયાણાના લોકો વિકાસની જલેબી ખાવા માંગતા હતા. તેઓ જાણે છે કે જલેબી ફેક્ટરીમાં નહીં, પણ મીઠાઈની દુકાનમાં બને છે.

### શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલ દ્વારા મહત્ત્વનો નિર્ણય

# સરકારે તબીબી પ્રાધ્યાપકોના પગારમાં ૩૦ થી ૫૫ ટકા સુધીનો વધારો કર્યો

## વર્ગ૧-૨ના તબીબી પ્રાધ્યાપકોને માસિક વેતનમાં વધારો

ગાંધીનગર,તા.૯

રાજ્યની સરકારી મેડીકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે સેવારત કરાર આધારિત તબીબી શિક્ષકોના માસિક વેતનમાં ૩૦ થી ૫૫% સુધીનો વધારો કરાયો છે. આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ જાહેરાત કરી છે.મળતી માહિતી મુજબ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય વિષયક મહત્વના નિર્ણય સંદર્ભે જાહેરાત કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્યની સરકારી મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે સેવારત ૧૧ માસના કરાર આધારિત તબીબી શિક્ષકોના માસિક વેતનમાં ૩૦ થી ૫૫% સુધીનો વધારો કરવાનો હિતકારી નિર્ણય કરવામાં આવ્યો છે.રાજ્યના પ્રત્યેક નાગરિકને શ્રેષ્ઠત્તમ આરોગ્ય સેવા અને મેડિકલ વિદ્યાર્થીને ગુણવત્તા શિક્ષણ એ જ સરકારની પ્રાથમિકતા છે તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે, તબીબી શિક્ષકોના માસિક વેતનમાં થયેલ નોંધપાત્ર વધારાના પરિણામે હોસ્પિટલમાં તબીબો અને શિક્ષકોની ઘટ્ટ નિવારવામાં મદદ મળશે. રાજ્ય સરકારના મહત્વપુર્ણ નિર્ણય સંદર્ભે વધું વિગતો આપતા તેમણે કહ્યું કે, સરકારી મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલમાં ખાનગી પ્રેક્ટિસ સિવાય ફરજરત આ તબીબી શિક્ષકોને માસિક વેતનમાં થયેલ નોંધપાત્ર વધારાનો લાભ મળશે.આ નિર્ણય અનુસાર પ્રાધ્યાપક વર્ગ-૧ના પ્રોફેસરને હાલ રૂ.૧,૮૪,૦૦૦ માસિક વેતન ચૂકવવામાં આવે છે જે હવેથી રૂ. ૨,૫૦,૦૦૦ થશે. સહ પ્રાધ્યાપક વર્ગ-૧ ને ૧,૬૭,૫૦૦ ની જગ્યાએ ૨,૨૦,૦૦૦, મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૧ ને ૮૯,૪૦૦ ની જગ્યાએ ૧,૩૮,૦૦૦ અને ટ્યુટર વર્ગ-૨ ને ૬૯,૩૦૦ ની જગ્યાએ ૧,૦૫,૦૦૦ માસિક વેતન ચૂકવવામાં આવશે. આરોગ્ય વિભાગના તા.૯/૧૦/૨૦૨૪ ઠરાવ થી નિર્ણય અમલી બનશે.

### હરિયાણામાં હાર બાદ રવનીત સિંહ બિટ્ટુનો ટોણો

# ડાયનાસોર પાછા આવી શકે છે, પરંતુ કોંગ્રેસ પાર્ટી સત્તામાં ન આવી શકે

## કેન્દ્રની મોદી સરકારમાં રેલ રાજ્ય મંત્રી રવનીત સિંહ બિટ્ટુનો હરિયાણા ચૂંટણીમાં કોંગ્રેસની હાર પર તીખો પ્રહાર

ચંદીગઢ, તા.૯

હરિયાણા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ શાનદાર જીત નોંધાવી છે. ૯૦માંથી ૪૮ બેઠકો સાથે પૂર્ણ બહુમતની સરકાર બનવા જઈ રહી છે. હવે સૈનીના હાથમાં ફરી એક વખત હરિયાણાની કમાન હશે. એક્ઝિટ પોલના અંદાજોની વિપરીત કોંગ્રેસ પાર્ટીએ પ્રદર્શન કર્યું છે. ત્યારે હવે કેન્દ્રની મોદી સરકારમાં રેલ રાજ્ય મંત્રી રવનીત સિંહ બિટ્ટુએ હરિયાણા ચૂંટણીમાં કોંગ્રેસની હાર પર તીખો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે, બાકીની પાર્ટીઓ ખૂબ જ આગળ નીકળી ચૂકી છે પરંતુ કોંગ્રેસ પાર્ટી આજે પણ પરિવારમાંથી બહાર નથી નીકળી શકી. તેમણે કોંગ્રેસ પાર્ટીને ટોણો મારતા કહ્યું કે, 'ડાયનાસોર પાછા આવી શકે છે, પરંતુ કોંગ્રેસ પાર્ટી સત્તામાં ક્યારેય પાછી ન આવી શકે.'

તમને જણાવી દઈએ કે પૂર્વ કોંગ્રેસી નેતા રવનીત સિંહ બિટ્ટુ ગાંધી પરિવાર અને ખાસ કરીને રાહુલ ગાંધીના જોરદાર ટીકાકાર રહ્યા છે. તેઓ લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થયા હતા. લોકસભા ચૂંટણીમાં ભલે તેમને સફળતા ન મળી, પરંતુ પીએમ મોદીએ તેમને કેબિનેટમાં સ્થાન આપીને તેમનું કદ વધારી દીધુ છે.

આ પહેલા કોંગ્રેસ પાર્ટીને સલાહ આપતા રવનીત સિંહ બિટ્ટુએ કહ્યું હતું કે જો કોંગ્રેસ પાર્ટીએ વિરોધ કરવો હોય તો રાહુલ ગાંધીનો વિરોધ કરવો જોઈએ. તેમણે રાહુલ ગાંધી દ્વારા વિદેશમાં આપવામાં આવેલા નિવેદનો પર પણ પ્રહાર કર્યા હતા. હકીકતમાં રાહુલ ગાંધીએ અમેરિકા પ્રવાસ દરમિયાન શીખ સમુદાય અંગે નિવેદન આપ્યું હતું, જે બદલ રવનીત બિટ્ટુએ તેમને 'આતંકવાદી' ગણાવ્યા હતા.

### બજેટની ખાધ છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ છે

# અમેરિકાના ૨૦૨૪નાં બજેટની ખાધ ૧.૮ ટ્રિલિયન ડોલરના સ્તરે પહોંચી

## અમેરિકાનો GDP ગ્રોથ લગભગ સ્ટેડી છે, દેશમાં બેરોજગારી પણ ઘટી રહી છે પરંતુ બજેટની ખાધ વધી રહી છે

વોશિંગ્ટન, તા.૯

૨૦૨૪ના નાણાકીય વર્ષમાં અમેરિકાના ફેડરલ બજેટની ખાધ એટલે કે ડેફિસિટ ૧.૮ ટ્રિલિયન ડોલર પર પહોંચી ગઈ છે જે છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ છે. કોંગ્રેસનલ બજેટ ઓફિસ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર સરકારને ટેક્સ સ્વરૂપે થતી આવક ધાર્યા પ્રમાણે ના વધતા અને તેની સામે સરકારી ખર્ચ તેમજ દેવાં પરના વ્યાજની ચૂકવણીનો બોજ વધતા ૨૦૨૪ના નાણાંકીય વર્ષમાં સરકારની આવક કરતા જાવક ૧.૮ ટ્રિલિયન ડોલર વધારે રહી છે. અમેરિકાનો GDP ગ્રોથ લગભગ સ્ટેડી છે, દેશમાં બેરોજગારી પણ ઘટી રહી છે પરંતુ બજેટની ખાધ વધી રહી છે, જેનું એક કારણ ૩૬ ટ્રિલિયન ડોલરને આંબવા આવેલું રાષ્ટ્રીય દેવું પણ છે. જોકે, દેવું કરીને સરકરી ખર્ચા કાઢવાનો ટ્રેન્ડ આગામી વર્ષોમાં પણ યથાવત રહેવાના પૂરા ચાન્સ છે.

અમેરિકામાં ચાલુ વર્ષમાં પ્રેસિડેન્શિયલ ઈલેક્શન થવાનું છે ત્યારે મીડિયામાં તો દેશના માથે રહેલા દેવાની ખાસ્સી ચર્ચા થાય છે, પરંતુ કમલા હેરિસ અને ડોનાલ્ડ ટ્રમ્પ આ મુદ્દા પર જાણે મોમાં મગ ભરીને બેઠા હોય તેમ કશુંય બોલવા તૈયાર નથી. અમેરિકાના કેટલાક એક્સપર્ટ્સ તો એવું પણ કહી રહ્યા છે કે જો ટ્રમ્પ પ્રેસિડેન્ટ બન્યા તો તેમની આર્થિક નીતિઓને કારણે અમેરિકાનું દેવું ઝડપથી વધશે અને ટ્રમ્પ હાલ જે મોટા-મોટા ચૂંટણી વચન આપી રહ્યા છે તેને પૂરું કરવા પણ તેમને દેવું કરવું પડશે.

કમલા હેરિસ એવા દાવા કરી રહ્યા છે કે જો તેમને સત્તા મળી તો તેઓ પોતાની યોજનાઓ લાગુ કરવાનો ખર્ચો ધનવાનો તેમજ મોટી કંપનીઓ પર પર ટેક્સ વધારીને કાઢશે, જ્યારે ટ્રમ્પનું એવું કહેવું છે કે પોતે સરકારના ખોટા ખર્ચા બંધ કરી તેમજ ઈકોનોમીને વધુ મજબૂત બનાવીને વધારાની આવક મેળવી તેના દ્વારા પોતાના પ્લાન્સનો અમલ કરાવશે.

અમેરિકાના બજેટ એનાલિસ્ટ્સનું માનવું છે કે જો દેશનું દેવું અને બજેટની ખાધ આ રીતે જ વધતા રહ્યા તો સરકારે તેને પહોંચી વળવા માટે સોશિયલ સિક્યોરિટી તેમજ અન્ય બેનિફિટ્સ પર કાપ મૂકવાની ફરજ પડશે અને દેશના ઈકોનોમિક ગ્રોથ પર પણ તેની અવળી અસર જોવા મળશે.

અમેરિકામાં હાલ વ્યાજના દર ઘણા ઉંચા હોવાથી લોકો માટે લોન લઈને ઘર ખરીદવાનું કે પછી પોતાનો બિઝનેસ શરૂ કરવાનું મુશ્કેલ બની રહ્યું છે, તે જ રીતે વ્યાજના ઉંચા દરને કારણે સરકાર પર પોતે કરેલા દેવાનું વ્યાજ ચૂકવવાનો બોજ પણ વધી રહ્યો છે. આ સિવાય ફેડરલ ગવર્મેન્ટ દ્વારા ચલાવવામાં આવતા અલગ-અલગ પ્રોગ્રામ્સ પાછળનો ખર્ચો પણ અગાઉની ધારણા કરતા વધી જતાં સરકારની આવક કરતાં જાવક વધી છે. ૨૦૨૪ના વર્ષમાં અમેરિકાની ફેડરલ ગવર્મેન્ટનો કુલ ખર્ચ ૬.૮ ટ્રિલિયન ડોલર રહ્યો હતો જે ગત વર્ષ કરતાં ૧૦ ટકા વધારે છે, તેમાંય ચાલુ વર્ષે સરકારે દેવા પરના વ્યાજની ચૂકવણીમાં જ ૨૪૦ બિલિયન ડોલર વધારાના ચૂકવવા પડ્યા હતા. આ સિવાય મેડિકેર બેનિફિટ્સ અને સોશિયલ સિક્યોરિટી પાછળ પણ અમેરિકાની સરકારને જંગી ખર્ચો થાય છે.

બજેટમાં રહેતી ખાધ માટે ડેમોક્રેટ્સ રિપબ્લિકન્સ દ્વારા ૨૦૧૭માં લાગુ કરાયેલા ટેક્સ કટને જવાબદાર ઠેરવે છે, વ્હાઈટ હાઉસના પ્રવક્તાએ પણ તાજેતરમાં એવું જણાવ્યું હતું કે બાઈડને લીધેલા નિર્ણયોને કારણે આગામી એક દાયકામાં બજેટની ખાધ ઘટીને ૩ ટ્રિલિયન ડોલર પર આવી જશે. ઉલ્લેખનીય છે કે બાઈડને સત્તા સંભાળી ત્યારે ૨૦૨૦ના ફિસ્કલ યરમાં અમેરિકાના બજેટની ખાધ ૩.૧ ટ્રિલિયન ડોલર નોંધાઈ હતી.

### રાહુલે હરિયાણાના કાર્યકર્તાઓને ગણાવ્યા સિંહ

# અમે હરિયાણામાં અણધાર્યા પરિણામોનું વિશ્લેષણ કરી રહ્યાં છીએ : રાહુલ ગાંધી

## અનેક વિધાનસભા ક્ષેત્રમાંથી આવી રહેલી ફરિયાદોથી ચૂંટણી પંચને જાણકારી આપીશું : કોંગ્રેસના નેતા

નવી દિલ્હી, તા.૯

હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે હરિયાણાના કોંગ્રેસ કાર્યકર્તાઓને સિંહ ગણાવી તેમનો આભાર માન્યો. કોંગ્રેસે જમ્મુ અને કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ સાથે ગઠબંધનમાં શાનદાર પ્રદર્શન કર્યું. આ અંગે કોંગ્રેસના સાંસદે કહ્યું, "જમ્મુ અને કાશ્મીરના લોકોનો હૃદયપૂર્વક આભાર. રાજ્યમાં ભારત ગઠબંધનની જીત એ બંધારણની જીત છે. તે લોકતાંત્રિક સ્વાભિમાનની જીત છે."

હરિયાણામાં આ વખતે કોંગ્રેસને કિસાન, રેસલરના મુદ્દા પર ૧૦ વર્ષ બાદ સત્તામાં વાપસીની આશા હતી, તે ન થઈ શક્યું. ભાજપે હરિયાણામાં સતત ત્રીજીવાર જીત મેળવી છે. હરિયાણામાં કોંગ્રેસની હાર પર પાર્ટી નેતા રાહુલ ગાંધીએ પરિણામોના વિશ્લેષણની વાત કરી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું- અમે હરિયાણામાં અણધાર્યા પરિણામોનું વિશ્લેષણ કરી રહ્યાં છીએ. અનેક વિધાનસભા ક્ષેત્રમાંથી આવી રહેલી ફરિયાદોથી ચૂંટણી પંચને જાણકારી આપીશું. બધા હરિયાણાવાસીઓને તેના સમર્થન અને અમારા કાર્યકર્તાઓને તેના અથાગ પરિશ્રમ માટે દિલથી ધન્યવાદ. હકનો, સામાજિક અને આર્થિક ન્યાયનો, સત્યનો આ સંઘર્ષ જારી રહેશે. તમારી અવાજ મજબૂત કરતા રહીશું.

નેશનલ કોન્ફરન્સ ૪૨ સીટ સાથે જમ્મુ-કાશ્મીરમાં સૌથી મોટી પાર્ટી બની છે અને તે પોતાના સહયોગી કોંગ્રેસ સાથે કેન્દ્ર શાસિત પ્રદેશમાં સરકાર બનાવવા માટે તૈયાર છે. જમ્મુ-કાશ્મીર ચૂંટણીમાં કોંગ્રેસનું પ્રદર્શન ખાસ રહ્યું નહીં, કારણ કે તેને જમ્મુ-ક્ષેત્રમાં માત્ર એક સીટ મળી છે. લોકસભા ચૂંટણી બાદ તે લાગી રહ્યું હતું કે કોંગ્રેસ હરિયાણામાં આ વખતે સરકાર બનાવી શકે છે, પરંતુ ચૂંટણી પરિણામોએ કોંગ્રેસની આશા પર પાણી ફેરવી દીધું છે.

હરિયાણાની હાર બાદ મહારાષ્ટ્ર અને ઝારખંડ જેવા રાજ્યોમાં સાથી પક્ષો સાથે તાલમેલ કરવામાં કોંગ્રેસ હવે નબળી પડી શકે છે. આ બંને રાજ્યોમાં નવેમ્બરમાં ચૂંટણી થવાની સંભાવના છે.

### ૮૮ વર્ષની ઉંમરે લીધા અંતિમ શ્વાસ

# મલયાલમ ફિલ્મ જગતના દિગ્ગજ અભિનેતા ટીપી માધવનનું નિધન

## ટીપી માધવને ૬૦૦થી વધુ મલયાલમ ફિલ્મોમાં કામ કર્યું

થિરૂવનંતપૂરમ, તા.૯

મલયાલમ ફિલ્મોના જાણીતા અભિનેતા ટીપી માધવન હવે આ દુનિયામાં નથી રહ્યા. પીઢ અભિનેતાએ કેરળના કોલ્લમની એક ખાનગી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. છેલ્લા કેટલાક સમયથી માધવનની વિવિધ બિમારીની સારવાર ચાલી રહી હતી. તે છેલ્લા આઠ વર્ષથી પઠાણાપુરમના ગાંધી ભવનમાં રહેતા હતા. હાલમાં પેટ સંબંધિત બિમારીના કારણે અભિનેતાને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. તેઓએ ૮૮ વર્ષની ઉંમરે ૯મી ઓક્ટોબરે આ દુનિયાને અલવિદા કહી દીધું છે. પીઢ અભિનેતાના નિધનના સમાચારથી સમગ્ર મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. માધવને ૪૦ વર્ષ બાદ ફિલ્મી કરિયર શરુ કરી ૬૦૦થી વધુ મલયાલમ ફિલ્મોમાં કામ કર્યું છે. તેઓ મલયાલમ ફિલ્મ એક્ટર્સ એસોસિએશન, એએમએમએના પહેલા જનરલ સેક્રેટરી હતા. વર્ષ ૧૯૭૫માં માધવને તેમની ફિલ્મી કારકિર્દીની શરુઆત કરી હતી. જ્યારે અભિનેતા મધુએ તેને રાગમમાં પહેલો બ્રેક આપ્યો હતો. તેમણે છેલ્લે ૨૦૧૬ માં રિલીઝ થયેલી માલગુડી ડેઝમાં અભિનય કર્યો હતો, જે એક ભાવનાત્મક સસ્પેન્સ થ્રિલર છે.છેલ્લા વર્ષોમાં તેમને મુશ્કેલ સમયનો સામનો કરવો પડ્યો હતો. એક સિરિયલના નિર્દેશક તેમને ગાંધી ભવનમાં લઈ ગયા તે પહેલાં તેમણે તિરુવનંતપુરમની એક લોજમાં રહેવું પડ્યું. એ પછી તેણે સિરિયલો અને ફિલ્મોમાં કેટલીક ભૂમિકાઓ ભજવી. તેમના કેટલાક લોકપ્રિય ટીવી શોમાં મુન્નુમણી, પ્રિયમાનસી, વલયમ, એન્ટે મનસાપુત્રી અને દયા સહિત અન્ય સામેલ છે. છેલ્લા વર્ષોમાં માધવન ઉંમર સંબંધિત બિમારીઓથી પીડિત હતા. કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને માધવનના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે "માધવન એક પ્રતિભાશાળી અભિનેતા હતા. જેમણે ૬૦૦ થી વધુ ફિલ્મોમાં વિવિધ પ્રકારની ભૂમિકા ભજવી હતી." મુખ્યમંત્રીએ યાદ કર્યું કે, "પઠાણાપુરમના ગાંધી ભવનમાં તેમના છેલ્લા વર્ષો દરમિયાન પણ માધવને ટેલિવિઝન સિરિયલોમાં અભિનય કરવાનું ચાલુ રાખ્યું હતું."

# અમરેલી : શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસ માં નવરાત્રિ મહોત્સવ ઉજવાયો



નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે શ્રીમતી હરિભાઈ ગજેરા સ્કૂલના બાલમંદિર થી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓનું નવરાત્રિ મહોત્સછ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું જેમા વિભાગ મુજબ અલગ અલગ આયોજન કરી આદ્યશકિત જગદંબા માતાની સ્ટાફ સ્ટુડન્ટ દ્વારા આરતી કરવામાં આવેલ ત્યારબાદ રાસ ગરબાનું આયોજન થયેલ જેમાં વિદ્યાર્થીઓ ટ્રેડિશનલ ડ્રેસમાં ઉત્સાહ સાથે આંનદ લઈ માતાજીના ગરબા લીધા હતાં. વિદ્યાર્થીઓમાં આવી સંસ્કૃતિ પ્રત્યે ભાવ વધે તેમજ વ્યકિત મય વાતાવરણ જળવાઈ રહે તેવા ઉપદેશથી તમામ વિભાગીય હેડ અને સ્ટાફ દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી વાલીઓમાં પણ ઉમંગનો માહોલ જોવા

### ૫૦ ફુટ ઉંડા કુવામાં યુવક મોતને ભેટયો

## લાઠીનાં જરખીયા ગામનાં કુવામાંથી યુવકને મૃતદેહ મળી આવતા અરેરાટી

### મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલ ખસેડાયા



અમરેલી, તા. ૯

અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે ટેલિફોનિક જાણ કરવામાં આવેલ કે ઝરખીયા મુકામે આવેલ ઈરભાઈ રાજાભાઈ આસોદરીયાના વાડીના ૫૦ ફૂટ ઊંડા કૂવામાં કોઈ અજાણી વ્યકિત પડી ગયેલ હોય તેના અનુસંધાને અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની રેસ્કયુ ટીમ તુરંત ઘટના સ્થળ પર પહોંચી ૫૦ ફૂટ ઉંડા કુવામાં પડેલ વ્યકિતના બોડીનું રેસ્કયુ કરી. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે લાઠી પોલીસને સોંપવામાં આવેલ. પ્રાથમિક તપાસ કરતા મૃતકનું નામ – પરેશભાઈ કેશુભાઈ વાઘેલા (ઉ.વ. ૩૬) રહેવાસી. ટોડા હોવાનું બહાર આવ્યું છે.

## અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા

અમરેલી, તા.૯

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સયુનિવર્સિટી, (હાલોલ કેમ્પ. સંલગ્ન) કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી કોલેજ શરૂ થઈ છે. આ નવું શૈક્ષણિક પગલું એ માનવ કલ્યાણ અને પર્યાવરણ સંરક્ષણના હેતુઓ સાથે કાર્યરત છે. આજના સમયમાં પ્રાકૃતિક ખેતી અને પ્રાકૃતિક ખેતી માટે નાગરિકોમાં જાગૃત્તિ આવે તે ઉદ્દેશ્ય છે.

આ નવી કોલેજમાં વિદ્યાર્થઓને પ્રાકૃતિક કૃષિને લગતું ઉચ્ચત્તમ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે આધુનિક પ્રવૃત્તિઓ અને અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. પ્રાકૃતિક ખેતી અંતર્ગત જમીન સ્વાસ્થ્ય, પુનઃસ્થાપન, અને જૈવિક કીટ નિયંત્રણ પર પ્રયાન કેન્દ્રિત કરવામાં આવશે. આ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને કૃષિ ક્ષેત્રમાં ટકાઉ અને કુદરતી પદ્ધતિઓમાં પ્રગતિલક્ષી અને વ્યવહાઢ તાલીમ આપશે.

કોલેજ ખાતે આ વર્ષે પ્રવેશ મેળવ્યો છે તેવા વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા. ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી કુલપતિ ડા. સી. કે. ટીંબાડિયાના આશિર્વાદ અને પ્રેરણા તેમજ યુનિવર્સિટીના સંશોધન નિયામક તેમજ પી.જી.ડીન ડા. વી.પી. ઉસદડિયાના માર્ગદર્શનથી સમગ્ર કાર્યક્રમનું આયોજન થયું હતું, ૩૮ વિદ્યાર્થીઓ તેમજ વાલીશ્રીઓ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમનું આયોજન નેચરલ ફાર્મિંગ કોલેજના આચાર્ય ડો. સ્વપનિલ દેશમુખના અપ્રયક્ષ સ્થાને કરવામાં આવેલ તેમના દ્વારા વિદ્યાર્થીઓના વાલીઓને ગુજરાત રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા લિખિત પ્રાકૃતિક કૃષિનું પુસ્તક અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટીની જયુટ બેગ કીટ આપી આવકારવામાં આવ્યા હતા. આચાર્ય અને કોલેજના નવ નિયુક્ત આસિસ્ટન્ટ પ્રોફેસર તથા યુનિવર્સિટી સ્ટાફ દ્વારા નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કોલેજ દ્વારા પ્રાકૃતિક ખેતી શા માટે જરૂરી છે તે વિષે જણાવ્યું હતું તેમજ આશીર્વચન દ્વારા વિદ્યાર્થીઓનો ઉમંગ અને ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં કોલેજના આચાર્યશ્રી ડા. સ્વપનિલ દેશમુખ, આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી બી.ડી.મકવાણા, ડો.ભાવિકભાઈ ગોંડલીયા તથા પ્રિયંકાબેન જાગાણી, કનૈયાલાલ સરવાળીયા, રૂદ્રતેજભાઈ ત્રિવેદી, હિમાનીબેન ગજેરા, રંજનબેન રેણુકાએ જહેમત ઉઠાવી હતી. આ અંગે વધુ વિગતો માટે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિ., લીલીયા રોડ, અમરેલી પિન નં.૩૬૫૬૦૧ મો.નં.૯૫૧૦૧ ૪૬૩૩૮ rincipal. gnfsu.amreli@gmail.com નો સંપર્ક કરવો તેમ આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

## સાવરકુંડલામાં મંદિર ખાતે સરાણિયા સમાજનું સંમેલન યોજાયુ



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર આવેલ મનોરોગી આશ્રમ માનવમંદિર ખાતે ગતરોજ સરાણીયા સમાજનું સંમેલન યોજાયું. આ સંમેલનમાં આ સમાજ દ્વારા ખૂબ જ મહવપૂર્ણ નિર્ણયો લેવામાં આવેલ. ખાસ કરીને સમાજમાં પ્રવર્તતા કુરીવાજોને તીલાજંલી આપી સરાણિયા સમાજની એકતા અને સમુહલગ્નના આયોજન સંદર્ભે વાત કરવામાં આવી. અહીં વાત કરીએ સરાણિયા સમાજની તો વર્ષોથી ખૂબ જ સ્વ માનભેર જીવન પસાર કરતો આ સમાજ શૈક્ષણિકરી તે ઘણો પછાત હોય તેમ જોવા મળે છે, વળી સમાજમાં અનેક કુરિવાજો પ્રવર્તતી રહેલાં જોવા મળે છે. જેને આ સમાજ દ્વારા તિલાંજલિ આપવાના ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણયને માનવમંદિર ના પૂ. ભકિતરામબાપુએ બિરદાવી આ સમાજ શૈક્ષણિક, સામાજિક, આર્થિક અને ધાર્મિક ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરે તેવા આશીર્વાદ પણ પાઠવ્યા હતા.

## અમરેલીનાં ડીડીઓની શુભેચ્છા મુલાકાત કરતાં મુકેશભાઈ ભટ્ટ



અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પંડયા તેમના જુના મિત્રો ને હંમેશા યાદ કરી એ જ પ્રેમ ભાવના આપતા રહે છે, તેઓ અમરેલી પુરવઠા અધિકારી હતા ત્યાર વખતના તેમના મિત્ર મુકેશભાઈ ભટ્ટ (સોનલ)ની મુલાકાત દરમિયાન જુની વાતો યાદ કરીને પ્રભાવિત થયા, એક ઉચ્ચ કક્ષાના અધિકારી પંડયાની દિલેરી માણી મુકેશભાઈ ભાવુક થયા.

### એએચપી, વિહિપ, બજરંગદળના આગેવાનોની ઉપસ્થિતિમા

## અમરેલીમાં ગૌ ભકતોએ સાંસદને આવેદન પત્ર પાઠવીને ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા માગ કરી

### સાંસદે લોકસભામાં પ્રશ્ન ઉઠાવવા ખાત્રી આપી



બાબરા, તા. ૯

અમરેલી સર્કિટહાઉસ ખાતે અમરેલી જિલ્લાના ગૌરક્ષકો એએચપી આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ/ વિશ્વહિન્દુ પરિષદ/ બજરંગદળ/ અને સનાતનની સંગઠનોની ગૌ ધ્વજ યાત્રા નિમિતની બેઠક યોજાઈ જગતગુરૂ શંકરા ચાર્યજીની ગૌધ્વજ યાત્રા ૧૬ તારીખે અમદાવાદ સોલા ભાગવત ખાતે આવી રહી હોય જે બાબતે દરેક લોકસભાના સાંસદોને આવેદનપત્ર આપવાનું હોય જે બાબતે આજ રોજ બહોળી સંખ્યામાં હાજર રહેલા સનાતની સંગઠનોના આગેવાનોએ સંતોની હાજરીમાં સાંસદ ને આવેદનપત્ર પાઠવેલ સાંસદએ તત્કાલ તેમના પીએ ને સુચના આપી લોકસભામાં આ પ્રશ્નને ઉપાડવાની ખાતરી આપી ગૌ માતાને રાષ્ટ્રીય માતા જાહેર કરવામાં આવે તેમાં તેઓએ પુરૂ સમર્થન જાહેર કર્યુ આજે મળી ટોટલ સાત સાંસદોને સૌરાષ્ટ્રમાં આવેદન પત્ર દેવાયું આજના કાર્યક્રમમાં બાબરા થી જીવદયા પરિવાર ના ગજેન્દ્ર ભાઈ શેખવા, મૌલીકભાઈ તેરૈયા ઉપસ્થિત રહ્યા

## સાવરકુડલા ખાતે આવેલ માનવ મંદિરનુ મોંઘેરૂ રતન



સાવરકુંડલા, તા. ૯

અંશુ ગુપ્તા નામની આ મનોરોગી દિકરીને સુરતથી એના માતાપિતા સાથે જામનગરના માનવમંદિરના સેવક પ્રવિણસિંહ જાડેજા વકીલ ઝવેરી સાથે આવી સાવરકુંડલા માનવમંદિર ખાતે મૂકી ગયા છે. એમ માનવમંદિરના પૂ ભક્તિરામબાપુએ જણાવ્યું હતું હવે સવાલ એ થાય કે કોણ કહે આ મનોરોગી હશે? પ્રથમ દ્રષ્ટિએ જ જેમની પ્રતિભા લોકોને જકડી રાખે એવું વ્યક્તિત્વ હોવા છતાં ઘણીટાખત –માનવીના જીવનમાં એવા પડાવ અને વળાંક આવતાં હોય જે માનવીનો મનોમસ્તિષક પર એક ના રૂઝાય એવો જખમ છોડી જતો હશે.. જોકે માનવમંદિરના પૂ ભક્રિરામબાપુ આવા મનોરોગી બહેનોની માવજત પિતાતુલ્ય અને માતાતુલ્ય સ્નેહથી મનોરોગી બહેનોના આવાં ધાવને રૂઝવવાનો ભગીરથ પ્રયાસ કરે છે .કેવો સુંદર મહિમા ગુરૂજ્ઞાન દ્વારા આપતી આ મનોરોગી બહેનને માનવીના વલણ પર ભરોસો નથી..!! કેવો ઘાવ હશે એના મનોમસ્તિષક પર.!!! હા, આપણાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબને અહીં માનવમંદિર ખાતે મળવા આવવાનું હાર્દિક નિમંત્રણ આપતી આ મનોરોગી દિકરીની અભિલાષા પરિપૂર્ણ થાય તેવી અભ્યર્થના સહ

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો



ચલાલા – અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૭૧મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ – ગાંધીનગર તથા આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત અમરેલી, તથા સરકારી આયુર્વેદ દવાખાનું સરસીયા તથા સરકારી હોમીયોપેથી દવાખાનું જાળિયાના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ મંગલ દિપપ્રાગટયથી થયો હતો. આ પ્રસંગે સંસ્થા વડા પુ.ડો. રતિદાદા, તથા ડો. ઈશાબેન અને ડોકટરઓ દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. પુ.ડો.રતિદાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુકત રહેવું. સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી–મળીને રહેવું.ગાયત્રી પરિવાર સાવરકર નગર શાખા નાસિક હસ્તે. જયશ્રીબેન બીપીનચંદ્ર કાચલીયાના આર્થિક સહયોગથી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ – રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી ડો. વાઘેલા કરી હતી, જે પૈકી ૪૧ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો. ઈશાબેન તથા અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાતં કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આયુર્વેદિક કેમ્પમાં ડો. આરતીબેન તથા પ્રકાશભાઈ એ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભુષણ મહેશભાઈ ભુવા, અને જાહેર સુખાકારી શ્રેત્રે એવોર્ડ વિજેતા મંજુબા તથા શીતલબેન વગેરે ખુબ જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલા : શ્રી વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ દ્વારા આયોજિત નવરાત્રિ મહોત્સવમાં પૂ. ઉષામૈયા પધારતાં રઘુવંશી ભાવિકો થયા ભાવવિભોર



સાવરકુંડલાશહેરમાં શ્રી લોહાણામહાજનપ્રેરિતશ્રીવીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ સાવરકુંડલા આયોજિત રઘુકુળ નવરાત્રિ મહોત્સવેરઘુવંશીસમાજનાભાવિકો માટે માતાજીની સ્તુતિ અને આરાધના કરવાનું ઘેલું લગાડયું છે. સંપૂર્ણ ટ્રેડિશનલડ્રેસમાં સજ્જ સંગીત સૂરોના તાલ સાથે જ્ઞાતિ શ્રેષ્ઠીઓ ની પ્રેરક ઉપસ્થિતિમાં રઘુવંશી ખેલૈયાઓ અહીં મનમૂકીને રાસ ગરબાની રમઝટ બોલાવતાં જોવા મળે છે. ગતરોજ પ.પૂ. ઉષામૈયા અહીં આ રઘુકુળ નવરાત્રિ મહોત્સવમાં પધારતાં પ.પૂ. ઉષામૈયા (શિવદરબાર આશ્રમ – કાનાતળાવ) ના દર્શન કરીને ઉપસ્થિત તમામ ભાવિકો ભાવવિભોર થઈ ગયા હતાં. છેલ્લા ચૌદ વર્ષથી શ્રી વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ અહીં નવલાં નવરાત્રિ દરમિયાન નવરાત્રિ મહોત્સવનું આયોજન કરે છે. આ ચૌદમાં રઘુકુળ નવરાત્રિ મહોત્સવ અંતર્ગત ખેલૈયાને નિયમો આધીન ગરબારમનાર પૈકી તેમના પરફોર્મન્સને લક્ષમાં રાખીને ફાઈનલ સ્પર્ધામાં નંબર પણ આપવામાં આવશે એવું જાણવા મળ્યું છે. આ આયોજનો મુખ્ય હેતુ રઘુવંશી સમાજના લોકો પોતાના સમાજના જ્ઞાતિ અગ્રણીઓની ઉપસ્થિતિમાં ઘરઆંગણે માઁ ભગવતીના નોરતા ઉજવી શકે તે છે. શ્રી વિરદાદા જસરાજ સેના ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા બીજી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ થઈ રહી છે. આ સંસ્થાના પ્રમુખ હિતેશ સરૈયાની આગેવાની હેઠળ અને વડીલોના આશીર્વાદ સાથે સંસ્થા લોકસેવાના અનેક કાર્યો કરી રહી છે. શ્રી વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટનું સેવાકીય પ્રવૃત્તિઓ ક્ષેત્રે સાવરકુંડલા શહેરમાં ખાસ્સું નામ છે.

## સાવરકુંડલા મહિલા અધ્યાપન મંદિર ખાતે નવરાત્રિની ઉજવણી





સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા મહિલા અધ્યાપન મંદિરમાં નવરાત્રીના રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા મંડળના પ્રમુખ નિરંજનાબેન અને મંત્રી સાવલિયા કાંતાબેન, નિલાબેન વાઘાણી તથા અન્ય સભ્યઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ નિમિત્તે તાલીમાર્થી બહેનો દ્વારા ત્રણ મિનિટમાં વધારેને વધારે ગરબા ગાનની સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ નંબરને ઈનામ વિતરણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અધ્યાપન મંદિરની તાલીમાર્થી બહેનો ટ્રેડિશનલ ડ્રેસ પહેરી અને રાસ ગરબા લીધા હતા. જેમાં સૌથી સારા પહેરવેશ અને સારા ગરબા લેનાર બહેનોને ઈનામો આપવામાં આવ્યા હતા. ખૂબ ઉત્સાહ અને એનર્જીથી બહેનો અવનવા સ્ટેપ્સ સાથે માતાજીના ગરબા રમ્યા હતા. સાથે અધ્યાપન મંદિરનો સ્ટાફ બાબુભાઈ ચાવડા, રવિભાઈ મહેતા, ભાવેશભાઈ કાકલોતર, રેણુકા અરૂણા બહેન અને મહિલા મંડળના સભ્યો આ પ્રસંગે જોડાયા હતા એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

## અમરેલીના પટેલ સિરામીકને શુભેચ્છા પાઠવતા વેપારી અગ્રણીઓ



અમરેલી, તા. ૯

પટેલ સ્ટીલ એન્ડ સિરામિકસ નવું સોપાન શરૂ કરાતાં અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ચતુરભાઈ અકબરી અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ ટીમે મુલાકાત કરી શુભેચ્છાઓ પાઠવી છે આ દરમિયાન ઉપસ્થિત રહેલ હરેશભાઈ સાદરાણી કાર્યકારી પ્રમુખ દિનેશભાઈ ભુવા શીતલ ઈન્ડસ્ટ્રીઝ વાળા મહામંત્રી તથા બાબુભાઈ કાબરીયા, મહામંત્રી ધનાભાઈ રૈયાણી ખજાનચી તથા ગીરીશભાઈ ભટ્ટ તથા મુકુંદભાઈ ગઢીયા તથા હકુભાઈ ચૌહાણ તથા યોગેશભાઈ કોટેચા, યોગેશભાઈ ગણાત્રા, જીલુભાઈ વાળા, મજબૂત સિંહ બસીયા, વિક્રમભાઈ રબારી, તથા ગોપાલભાઈ રાજા સહીત ઉપસ્થિત રહેલ.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં કથિત દુષ્કર્મ કેસની

સંઘાણીએ તટસ્થ તપાસની માંગ કરી છે.

તેઓએ ગૃહ સચિવ, મહિલા આયોગ અને અમરેલીનાં પોલીસ અધિક્ષકને પત્ર પાઠવીને દુષ્કર્મ કેસમાં સંડોવાયેલ વ્યકિત સામે કડક અને નિષ્પક્ષ તપાસ કરી કડક કાર્યવાહી કરવાની માંગ કરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં ખાણ–ખનિજ વિભાગનાં

તપાસ કરતા ત્યાં રાજસ્થળી ગામે રહેતા આરોપી સૈયદ અબ્બાસહુસેન અલી બુખારી ઉર્ફે બાપુડી, મહમદ આદીક હુસેનઅલી બુખારી તથા હાસમઅલી હુસેનઅલી બુખારી નામના ત્રણ શખ્સો પોતાના હવાલાવાળા ડમ્પર નંગ–ર, જેસીબી–૧ તથા લોડર નંગ–૧ માં રેતી ભરતા હોય. જેને ખાણ ખનિજ વિભાગનાં અધિકારીઓએ અટકાવતાં આરોપીએ ખાણ ખનિજ વિભાગનાં સીકયુરીટી ગાર્ડને ગાળો અને ધમકી આપી ફરજમાં રૂકાવટ કરી પોતાના વાહનો લઈ નાશી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલાનાં બર્બટાણાનાં કોટનનાં વેપારી

ડાયરેકટરો તથા વહીવટદારો વ્યાપારી હોય તેમણે રાજુલા તાલુકાના બર્બટાણા ગામે રહેતા પરેશભાઈ બચુભાઈ હડિયાની ભાગીદારીવાળી પેઢી મહાવીર કોટન ઈન્ડસ્ટ્રીઝમાંથી દલાલો મારફતે ગત તા. ૮/૫/૨૪ થી તા. ૨૦/૮/૨૪ ના સમયગાળા દરમ્યાન અલગ–અલગ તારીખે કુલ ૩૨૦૦ કોટન બેલ્સ (ગાંસડીઓ) કિંમત રૂપિયા ૮,૬૬,૪૦,૨૬૭નો માલ ૧૫ દિવસમાં પેમેન્ટ ચુકવણી કરવાના વિસ વચન અને ભરોસો આપી કપાસની ગાંસડીનો માલ મેળવી લીધા બાદ સમય મર્યાદામાં ચૂકવણું નહી ચુકવતા પરેશભાઈ બચુભાઈ હડિયા તથા સાહેદોએ અવાર–નવાર સિધ્ધનાથ કોટેક્ષ પ્રાઈવેટ લી.ના ડાયરેકટરો તથા વહીવટદારો પાસે આ બાકી રકમની ઉઘરાણી કરી અને આરોપીઓની સિધ્ધનાથ કોટેક્ષ પ્રા.લી. ખાતે જઈ ઉપરોકત ચારેય આરોપીઓ પાસેથી રૂપિયા ૮,૬૬,૪૦,૨૬૭ પૈકી કટકે કટકે રૂપિયા ૪,૨૪,૫૭,૪૨૦ ના નાણા મહાવીર કોટનના બેંક ખાતામાં જમા કરાવેલ હતાં. તે ઉપરાંતના આરોપીઓ પાસેથી કાયદેસરના લેવાના બાકી રહેલ નાણા રૂપિયા ૪,૪૧,૮૨,૮૪૭ બાબતે પરેશભાઈ બચુભાઈ હડિયા તથા વચ્ચેના દલાલોએ અવાર નવાર ઉઘરાણી કરવા જતા સમયે ચારેય આરોપીઓએ નાણા ચુકવી આપવાનો વિસ અને વાયદા આપી પરેશભાઈ બચુભાઈ હડિયા વ્યાપારીના રૂપિયા ૪,૪૧,૮૨,૮૪૭ ની માતબર રકમના નાણા નહી ચુકવી કપાસ આપનારા વેપારીએ સિધ્ધનાથ કોટેક્ષ પ્રા.લી. કંપનીના ડાયરેકટરો તથા વહીવટદારો ઉપર મુકેલ વિસનો દુરઉપયોગ કરી અગાઉથી નક્કી કરેલ ગુન્હાહીત કાવતરા મુજબ આરોપીઓએ પોતાનો સામાન્ય ઈરાદો બર લાવવા બદદાનતથી ઠગાઈ અને વિસઘાત કરી રૂપિયા ૪,૪૧,૮૨,૮૪૭ ની માતબર રકમની ઠગાઈ કરી પોતાની શ્રી સિધ્ધનાથ કોટેક્ષ પ્રા.લી. કંપની તથા પોતાના રહેણાંક મકાનો બંધ કરી જતા રહેતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ખાંભાનાં ઈંગોરાળા ગામે

એકલા હાજર હતાં તે દરમ્યાન ગઈ તા. ર ના રાત્રીના આશરે નવેક વાગ્યાથી લઈ તા. ૩ ના સવારના આશરે સાતેક વાગ્યા પહેલા કોઈ પણ સમયે કોઈ અજાણ્યા આરોપીએ તેમના ઘરે રાત્રી દરમ્યાન લુંટ કરવાના ઈરાદે ઘરમાં અપ્રવેશ કરી વૃધ્ધના ઘરમાં રહેલ કબાટનો નકુચો તોડી ઘરની તમામ વસ્તુ વેર વિખેર કરી સોનાબેનનું મોત નિપજાવી તેણીએ બન્ને કાનમાં પહેરેલ સોનાની કડી નંગ–૬ જેનું વજન આશરે ર તોલા જેની આશરે કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦ કાઢી લઈ લુંટ કરી નાશી જઈ ગુન્હો કરેલ હોય. જે અંગે ખાંભા પોલીસમાં ગુન્હો દાખલ થયેલ હતો.

આ બનાવ અંગે અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહએ શરીર સંબંધી ખુનના આરોપીઓને તાત્કાલીક પકડવા અને તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને ખાંભા પોલીસ સ્ટેશનના પોલીસ સબ.ઈન્સ. આર.જી. ચૌહાણની રાહબરી હેઠળ ખાંભા પોલીસની અલગ–અલગ ટીમો બનાવી અલગ–અલગ દિશામાં ટેકનીકલ/હ્યુન સોર્સના આધારે તથા ગુન્હાવાળી જગ્યાએથી ફીંગર પ્રિન્ટ એકસપર્ટ એચ.એ. વ્યાસએ આરોપીનાં ફીંગરપ્રિન્ટ શોધી કાઢેલ હોય. જે આધારે ખાંભા પોલીસે આરોપી હિંમતભાઈ લાભુભાઈ પરમાર તથા રવિભાઈ અીનભાઈ પરમાર નામનાં બંને આરોપી (રહે. બંને ઈંગોરાળા)ની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.


## જાહેર નોટિસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાનાં બાબરા તાલુકાનાં મોજે ગામ બાબરાની ખેતીની જૂની શરતની જમીન નીચેની વિગતે આવેલ છે.

| માલીકનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી | આકાર |
|---|---|---|---|---|
| જશાભાઈ પીઠાભાઈ ખીમસુરિયા | ૧૪૮૦ | ૩૭૬ પૈકી ૨ | ૦–૮૦–૯૪ | ૨.૫૦ |

સદરહુ જમીન ઉપરોકત વિગતે શ્રી જશાભાઈ પીઠાભાઈ ખીમસુરિયા, ની સ્વતંત્ર માલિકી, કબજા અને ભોગવટાની આવેલ છે. જે સદરહું જમીન મારા અસીલ યોગેન્દ્રસિંહ પરબાતસિંહ ગોહિલ, રે. રાજકોટવાળાએ ખરીદ કરવાનું નક્કી કરેલ છે.

સબબ આ નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ–૦૭ (સાત)માં સદરહું જમીન પ્રત્યે જે કોઈનો ગીરો, બોજો, લિયન વારસાઈ હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, બક્ષિસ, વેંચાણ, સાટાખત, હક્ક અધિકાર, ભરણ–પોષણનો હક્ક, અધિકાર વિગેરે હોય તો લેખિત આધાર પુરાવા સાથે અમોને જાણ કરશો. અગર જો નોટિસ સમય દરમ્યાન કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર આવશે નહી તો જે કોઈનો હક્ક, હિત, હિસ્સો હશે તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ શુધ્ધ બુદ્ધિના ખરીદનાર તરીકે વેચાણ વ્યવહારની આગળની કાર્યવાહી કરશે. ત્યારબાદ આવેલ વાંધોઓ મારા અસીલને બંધન કર્તા રહેશે નહી જેની આથી સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૦૯/૧૦/૨૦૨૪
ઓફીસ, મામલતદાર ઓફીસ સામે મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
(એડવોકેટ)


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૧ | ૧૫૫૭ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૪૮ | ૧૨૯૯ |
| ૩ | સોયાબીન | ૪૦૦ | ૮૨૮ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૬૫૮ |
| ૨ | કપાસ કોડી | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ૩ | મગફળી નવી | ૭૭૦ | ૧૦૦૦ |
| ૪ | જીરૂ | ૪૨૦૦ | ૫૦૪૦ |
| ૫ | અડદ | ૧૦૦૦ | ૧૩૨૫ |
| ૬ | ઘઉં | ૪૫૦ | ૬૦૩ |
| ૭ | તલ કાળા | ૩૧૦૦ | ૩૫૮૦ |
| ૯ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૬૬ | ૧૦૨૫ |
| ૨ | શિંગ મોટી | ૭૧૦ | ૧૧૩૨ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૨૦ | ૧૩૧૨ |
| ૪ | તલ સફેદ | ૧૬૫૦ | ૨૬૫૧ |
| ૫ | તલ કાળા | ૨૫૭૫ | ૩૮૧૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૨૬૦ | ૩૩૦૦ |
| ૭ | બાજરો | ૪૧૧ | ૪૯૦ |
| ૮ | જુવાર | ૭૧૪ | ૭૧૪ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૨૪ | ૬૪૧ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૨૦ | ૬૦૭ |
| ૧૧ | મગ | ૧૦૩૦ | ૧૮૩૫ |
| ૧૨ | અડદ | ૧૦૫૦ | ૧૫૪૧ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૫૧૬ |
| ૧૪ | તુવેર | ૯૩૫ | ૧૯૪૫ |
| ૧૫ | કપાસ | ૮૬૦ | ૧૬૦૦ |
| ૧૬ | એરંડા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૧૭ | જીરૂ | ૩૬૪૦ | ૪૬૧૦ |
| ૧૮ | ગમ ગુવાર | ૯૫૦ | ૯૫૦ |
| ૧૯ | ધાણા | ૯૫૦ | ૧૨૬૦ |
| ૨૦ | મેથી | ૬૯૫ | ૧૧૦૫ |
| ૨૧ | સોયાબીન | ૫૬૨ | ૮૪૯ |
| ૨૨ | રજકાનુ બી | ૩૬૫૦ | ૫૪૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૧૭૧ |
| ૨ | શીંગ મોટી | ૯૫૧ | ૧૧૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૩૧ |
| ૪ | જીરૂ | ૪૨૦૦ | ૪૭૦૦ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૫૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૫૬ | ૬૩૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૮૯ | ૬૫૧ |
| ૮ | બાજરો | ૪૪૧ | ૫૧૧ |
| ૯ | જુવાર | ૫૦૧ | – |
| ૧૦ | મગ | ૧૪૮૫ | – |
| ૧૧ | અડદ | ૧૧૮૫ | ૧૮૫૨ |
| ૧૨ | ચણા | ૧૧૯૮ | ૧૫૩૦ |
| ૧૩ | તુવેર | ૭૯૫ | ૧૭૦૦ |
| ૧૪ | સોયાબીન | ૮૧૦ | ૮૩૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૦ | ૧૫૫૩ |
| ૨ | ચણા | ૮૪૦ | ૧૩૯૯ |
| ૩ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૪ | ધાણા | ૧૦૧૨ | ૧૩૦૦ |
| ૫ | અડદ | ૧૧૯૦ | ૧૫૦૧ |
| ૬ | મકાઈ | ૪૮૫ | ૪૮૫ |
| ૭ | સોયાબીન | ૭૫૦ | ૭૮૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૬૪ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૦૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૧૯ |
| ૪ | સોયાબીન | ૭૮૩ | ૮૦૪ |
| ૫ | ચણા | ૧૧૦૫ | ૧૪૦૪ |
| ૬ | એરંડી | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૭ | મગફળી | ૭૦૫ | ૯૯૯ |
| ૮ | અડદ | ૧૦૭૦ | ૧૫૦૦ |
| ૯ | જુવાર | ૩૨૫ | ૫૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૧ | તલ સફેદ | ૨૨૦૧ | ૨૨૦૧ |
| ૧૨ | ધાણા | ૧૦૭૫ | ૧૨૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૨૪૦ | ૧૫૧૯ |
| ૨ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| ૩ | અડદ | ૧૩૭૦ | ૧૪૧૮ |
| ૪ | બાજરો | ૩૬૦ | ૩૬૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૫૧ | ૯૬૦ |
| ૨ | તલ સફેદ | ૨૨૭૬ | ૨૪૨૫ |
| ૩ | કપાસ | ૧૨૪૫ | ૧૫૨૬ |
| ૪ | બાજરો | ૪૮૫ | ૫૬૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૯૦ |
| ૬ | જુવાર | ૬૦૧ | ૮૩૧ |
| ૭ | અડદ | ૧૧૦૦ | ૧૪૭૬ |
| ૮ | ચણા | ૧૪૭૫ | ૧૪૭૫ |
| ૯ | જીરૂ | ૪૧૦૦ | ૪૧૦૦ |
| ૧૦ | સોયાબીન | ૮૭૦ | ૮૭૦ |
| ૧૧ | ધાણા | ૮૦૦ | ૮૦૦ |

## રાજકોટ ખાતે રહેતા પિતા–પુત્ર સામે ફરિયાદ નોંધાઈ

# રાજુલાનાં બર્બટાણાનાં કોટનનાં વેપારી પાસેથી ગાંસડીઓ ખરીદી ૪.૪૧ કરોડની રકમ પરત ન કરી

### સ્પીનીંગ મિલ અને રહેણાંક મકાન બંધ કરીને આરોપીઓ ગાયબ

અમરેલી, તા. ૯

રાજકોટ ગામે આવેલ દર્શન ઈન્દ્રપ્રસ્થનગરમાં આવેલ હેમુગઢવી હોલ પાછળ અક્ષર માર્ગ રોડ રહેતા આરોપીઓ ભાલાળા દર્શનભાઈ રમણીકભાઈ, રમણિકભાઈ ચકુભાઈ ભાલાળા તથા રાજકોટ ગામે આવેલ બીગબજાર પાછળના ભાગે આવેલ રાજ શૃંગાર પાર્ટીપ્લોટ પાછળ, ૧૫૦ ફૂટ રીંગરોડ ઉપર આવેલ રાજ રેસીડન્સીમાં રહેતા લુણાગરીયા વિરેન સુરેશભાઈ, સુરેશભાઈ ગોવિંદભાઈ લુણાગરીયા, ચોટીલા ગામે આવેલ સિધ્ધનાથ કોટેક્ષ એન્ડ સ્પીનીંગ મીલ પ્રાઈવેટ લી.ના

અનુસંધાન પાના ૬ ઉપર

# ''અમરેલી એક્સપ્રેસ'' ની શુભેચ્છા મુલાકાતે વિધાનસભાના વિપક્ષી નેતા અમિત ચાવડા



અમરેલી, તા. ૯

''અમરેલી એકસપેસ'' કાર્યાલની વિધાનસભાનાં વિપક્ષીનેતા અમિત ચાવડાએ શુભેચ્છા મુલકાત લઈને તંત્રી મનોજ રૂપચરેલ સાથે વર્તમાન પરિસ્થિતિ અંગે વિસ્તૃત ચર્ચાઓ કરી હતી. આ તકે કોંગી નેતા ૠત્વીક મકવાણા, એડવોકેટ સૈયદ, ટીકુભાઈ વરૂ, પોપટલાલ કાશ્મીરા વિગેરે સાથે જોડાયા હતા.

# રમીલાબેન ગુડુભાઈ ભુરીયા નામની સાવરકુંડલાનાં નાના ભમોદ્રા ગામની મહિલાનું સર્પ દંશથી અરેરાટીજનક મોત

### રસોડામાં ચા બનાવતી વેળા સર્પે દંશ માર્યો

અમરેલી, તા. ૯

સાવરકુંડલા તાલુકાના નાના ભમોદ્રા ગામે અશોકભાઈ બાબુભાઈ તળાવીયાની વાડીમાં રહેતી રમીલાબેન ગુડુભાઈ ભુરીયા નામની ૩૦ વર્ષિય મહિલા તા. ૩ ના રોજ સવારે ૮ વાગ્યે રસોડામાં ચા–પાણી બનાવવા માટે બળતણ લેવા જતા અચાનક તેણીને ઝેરી સાપે ડાબા પગની બીજી આંગળી ઉપર કરડી જતા તેણીને ઝેરી અસર થતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી ખાંભાનાં ઈંગોરાળા ગામે બનેલ લૂંટ અને હત્યાનાં ગુન્હાનો ભેદ ખુલી ગયો

### આરોપી હિંમતભાઈ અને રવિભાઈ પરમારની અટકાયત




અમરેલી, તા. ૯

ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામે રહેતા કાનાભાઈ દાહાભાઈ ગુજરીયા નામનાં ૭૫ વર્ષિય વૃધ્ધ રાજુલા તાલુકાના નિંગાળા–૧ ગામે માતાજીના મઢે ગયેલ હતાં. તે વખતે તેમના પત્ની સોનાબેન ઈંગોરાળા ગામે તેમના ઘરે

અનુસંધાન પાના ૬ ઉપર



















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)